For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 14 | 2 December 2023, Saturday | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... **newsonlinelive.tv**



Gadgets ગુરૂ
IQ 12 5G સ્માર્ટફોન 12 ડિસેમ્બરે લોન્ચ થશે... 4

ઉમરગામથી નારાયણ સરોવર સુધી 1630 કિમીનો કોસ્ટલ હાઈવે વિકસાવાશે 7



પોપ્યુલર સ્ટારની લિસ્ટમાં કિંગ ખાન પ્રથમ ટોપ 10માં આ અભિનેત્રીઓને મળ્યું... 10




# ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું

## ભારત સરકારના મોટા અધિકારીનું નામ ખૂલ્યું

## પન્નુ કેસમાં ક્યારે અને શું થયું, ચાર્જશીટ મુજબ પૂર્ણ સમયરેખા

**મે 2023** અમેરિકન પ્રોસિક્યુટરના જણાવ્યા અનુસાર આ સમયે એક ભારતીય અધિકારીએ નિખિલ ગુપ્તાને નોકરી પર રાખ્યો હતો.

**29 મે** નિખિલ ગુપ્તાએ પન્નુને મારી શકે તેવી વ્યક્તિની શોધ શરૂ કરી. જો કે, પન્નુને મારવા માટે રાખવામાં આવેલી વ્યક્તિ અમેરિકાનો અંડર કવર એજન્ટ હોવાનું બહાર આવ્યું છે. થોડા અઠવાડિયા સુધી, નિખિલ ગુપ્તાએ આ અન્ડર કવર એજન્ટ સાથે પન્નુની હત્યાની પદ્ધતિ અને કિંમત વિશે ચર્ચા કરી.

**9 જૂન** ગુપ્તાએ પન્નુની હત્યા કરવા માટે રાખેલા હિટમેનને એક વ્યક્તિ મારફતે 15 હજાર ડોલર એટલે કે 12 લાખ 49 હજાર રૂપિયાની રોકડ મોકલાવી હતી. આ હત્યા માટે એડવાન્સ પેમેન્ટ હતું.

**11 જૂન** ભારતીય અધિકારીએ ગુપ્તાને કહ્યું કે પન્નુને હજુ મારી શકાયો નથી. હકીકતમાં જૂન મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના પ્રવાસે ગયા હતા. તે દરમિયાન બંને દેશો વચ્ચે રાજદ્વારી બેઠકો થઈ રહી હતી. ગુપ્તાએ ફોન પર એમ પણ કહ્યું હતું કે 10 દિવસ સુધી કશું કરી શકાશે નહીં, તો દેખાવો શરૂ થશે.

**જૂન 12 થી જૂન 14** ગુપ્તાએ તેના પાર્ટનરને ફોન પર કેનેડામાં એક મોટા ટાર્ગેટ વિશે જણાવ્યું હતું. તેણે કહ્યું કે તે તેની વિગતો પછીથી શેર કરશે.

**18 જૂન** કેનેડામાં કેટલાક લોકોએ આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા કરી. થોડા મહિનાઓ પછી કેનેડાએ આ હત્યા માટે ભારત પર આરોપ મૂક્યો.

**19 જૂન** ગુપ્તા નિજ્જરની હત્યાનો વીડિયો અમેરિકામાં પન્નુની હત્યા કરવા માટે રાખવામાં આવેલા હિટમેનને મોકલે છે. તેમણે લખ્યું- આ સારા સમાચાર છે, હવે રાહ જોવાની જરૂર નથી. ગુપ્તાએ હિટમેનને પણ કહ્યું હતું કે હવે ટાર્ગેટ વધુ સતર્ક રહેશે.

**22 જૂન** અમેરિકી રાષ્ટ્રપતિએ ભારત સાથેના સંબંધો સુધારવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સ્ટેટ ડિનર માટે આમંત્રણ આપ્યું છે.

**જૂન 24 થી જૂન 29** ગુપ્તાએ પન્નુની હત્યાનો પ્લાન આગળ ધપાવ્યો. તેની દેખરેખ શરૂ થઈ.

**30 જૂન** ગુપ્તા ભારતથી ચેક રિપબ્લિક ગયો હતો, જ્યાં યુએસના કહેવા પર તેની અટકાયત કરવામાં આવી હતી.

## નિખિલ ગુપ્તાને ગુજરાતમાં પોલીસ કેસમાં છૂટકારો આપવાની ખાતરી આપવામાં આવી

### ન્યૂયોર્ક પોલીસે આ ઘટના અંગેની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી

## ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાની ધરપકડ કરવામાં આવી છે

■ શિકાગો

અમેરિકામાં ખાલિસ્તાની મુવમેન્ટ ચલાવનાર ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના પ્રયાસના કેસમાં ગુરુવારે ન્યૂયોર્ક પોલીસની ચાર્જશીટ સામે આવી છે. જેમાં ભારતીય નાગરિક નિખિલ ગુપ્તા પર પન્નુની હત્યાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવાયા છે. એક અહેવાલ અનુસાર ભારત સરકારના અધીકારીએ નિખિલ ગુપ્તાને આ પ્રાકારે કરવા જણાવ્યુ હતુ. જો કે ચાર્જશીટમાં ભારતીય અધિકારીના નામનો ખુલાસો કરવામાં આવ્યો નથી. અધીકારીને CC-1 તરીકે સંબોધવામાં આવ્યું છે. ચાર્જશીટ મુજબ, CC-1 ભારત સરકારની એક એજન્સીના કર્મચારી છે, જેણે પોતાને અનેક પ્રસંગોમાં સીનિયર ફિલ્ડ ઓફિસર તરીકે ગણાવ્યા છે. તે સુરક્ષા મેનેજમેન્ટ અને ઈન્ટેલિજેન્સ માટે જવાબદાર છે. આ અગાઉ એક સમાચાર પત્રના અહેવાલમાં જણાવાયુ હતુ કે, યુએસ સરકારે આરોપ લગાવ્યો છે કે, ન્યૂયોર્કમાં પન્નુ પર ઘાતક હુમલો કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. આમાં ભારતનો હાથ હતો. આ ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું હતું. જો કે, આ ચાર્જસીટમાં હુમલો કયા દિવસે થવાનો હતો તે જણાવવામાં આવ્યું નથી. જૂનમાં પીએમ મોદીની અમેરિકા મુલાકાત બાદ જ અમેરિકન અધિકારીઓએ ભારત સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો.

## CC-1 ભારતની સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ માટે કામ કરે છે

ચાર્જશીટ અનુસાર, ભારતીય અધિકારીએ એમ પણ કહ્યું હતું કે તે ભારતની સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ માટે કામ કરે છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અનુસાર, ભારત સરકારના આ અધિકારીએ કહ્યું હતું કે તેને યુદ્ધની કળામાં અધિકારી સ્તરની તાલીમ આપવામાં આવી રહી છે અને હથિયારો ચલાવવાનું પણ શીખવવામાં આવી રહ્યું છે. નિખિલ ગુપ્તાએ અમેરિકાના ફેડરલ એજન્ટોને જણાવ્યું કે પન્નુ સિવાય તેને ઘણા લોકોને મારવા માટે કહેવામાં આવ્યું હતું. ચાર્જશીટમાં સો ડોલરનું બિલ પણ હતું, જે આરોપીને એડવાન્સ પેમેન્ટ તરીકે આપવામાં આવ્યું હતું. ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અનુસાર, નિખિલ ગુપ્તાની પ્રત્યાર્પણ સંધિ હેઠળ ચેક રિપબ્લિકના અધિકારીઓએ 30 જૂને ધરપકડ કરી હતી. જો તે દોષિત સાબિત થાય તો તેને 20 વર્ષની જેલની સજા થઈ શકે છે.

## કેવી રીતે ઘડવામાં આવ્યું હત્યાનું કાવતરું ?

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અનુસાર, એક ભારતીય અધિકારીના કહેવા પર નિખિલ ગુપ્તાએ પન્નુની હત્યા કરવા માટે એક ગુનેગારનો સંપર્ક કર્યો હતો, પરંતુ વાસ્તવમાં આ ગુનેગાર અમેરિકન એજન્ટ હતો. આ એજન્ટે નિખિલનો પરિચય અન્ય એક ગુપ્ત અધિકારી સાથે કરાવ્યો જે હત્યાને અંજામ આપવા જઈ રહ્યો હતો. આ માટે એક લાખ ડોલરની ડીલ થઈ હતી.જેના ભાગ રૂપે 15 હજાર ડોલર રોકડા આપવામાં આવ્યા હતા. ડીલ પછી, ભારતીય અધિકારી સીસી-1એ નિખિલ ગુપ્તાને પન્નુના ન્યૂયોર્ક ઘરનું સરનામું, તેનો ફોન નંબર અને તેની દિનચર્યા સંબંધિત સંપૂર્ણ માહિતી આપી હતી. ગુપ્તાએ તેને બાકીના લોકો સુધી પહોંચાડ્યું હતું. નિખિલ ગુપ્તાએ અંડરકવર ઓફિસરને વહેલી તકે કામ પૂર્ણ કરવા જણાવ્યું હતું.

**પન્નુને 2020માં આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો** 2019 માં, ભારત સરકારે પન્નુના સંગઠન SFJ પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ એટલે કે UAPA હેઠળ આતંકવાદી પ્રવૃત્તિઓ હાથ ધરવાના આરોપસર પ્રતિબંધ મૂક્યો હતો. ગૃહ મંત્રાલયે તેના નોટિફિકેશનમાં કહ્યું હતું કે શીખો માટે જનમત સંગ્રહની આડમાં SFJ પંજાબમાં અલગતાવાદ અને ઉગ્રવાદી વિચારધારાને સમર્થન આપી રહી છે. વર્ષ 2020માં પન્નુ પર અલગતાવાદને પ્રોત્સાહન આપવા અને પંજાબી શીખ યુવાનોને હથિયાર ઉઠાવવા માટે પ્રોત્સાહિત કરવાનો આરોપ લાગ્યો હતો. કેન્દ્ર સરકારે પન્નુને UAPA હેઠળ આતંકવાદી જાહેર કર્યો. 2020 માં, સરકારે SFJ સંબંધિત 40 થી વધુ વેબ સાઇટ અને YouTube ચેનલો પર પ્રતિબંધ મૂક્યો હતો.

## SFIના પ્રમુખ ગુરપતવંતસિંહ પન્નુએ લોકતાંત્રિક રીતે અલગ દેશની માંગ કરી હતી

અમેરિકન અધિકારીએ જણાવ્યુ હતુ કે, 1980ના દાયકામાં જ્યારે શીખ અલગતાવાદીઓ ભારતમાં હિંસા ફેલાવી રહ્યા હતા, ત્યારે નિજ્જરની જેમ પન્નુ આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ નહોતા. તે લોકતાંત્રિક માધ્યમથી ખાલિસ્તાનીઓ માટે અલગ દેશની માંગ કરી રહ્યો હતો. ચાર્જશીટમાં નિજ્જરની હત્યાના કાવતરા અને પન્નુની હત્યાના પ્રયાસ વચ્ચેના કનેક્શનની પણ વિગતો આપવામાં આવી છે. સીસી-1એ નિજ્જરની હત્યા કર્યા બાદ તેની લોહીથી લથપથ લાશનો વીડિયો પણ મોકલ્યો હતો. આ બતાવીને તરત જ પન્નુને મારી નાખવાના આદેશ આપવામાં આવ્યા. અમેરિકાના નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના પ્રવક્તા એડ્રિયન વોટસને કહ્યું કે, બાઈડેન પ્રશાસનને નિખિલ ગુપ્તા પર લાગેલા આરોપો અને તેમાં ભારત સરકારના એક અધિકારીની સંડોવણી વિશે જાણ કરવામાં આવી હતી. આ પછી તેણે ભારત સરકારના ઉચ્ચ સ્તરે આ અંગે વાત કરીને પોતાની ચિંતા વ્યક્ત કરી હતી. વોટસને કહ્યું કે ભારત સરકારે અમને શરૂઆતથી જ ખાતરી આપી હતી કે તેઓ આ મામલાને ગંભીરતાથી લઈ રહ્યા છે અને તેની તપાસ કરી રહ્યા છે. અમે આ મામલાને લગતી તમામ જરૂરી માહિતી ભારત સરકારને આપી છે. બાઈડને પોતે સીઆઈએ ડાયરેક્ટર વિલિયમ બર્ન્સને ઓગસ્ટમાં ભારતની મુલાકાત લેવા કહ્યું હતું સપ્ટેમ્બરમાં જ્યારે બાઈડેન જી-20 સમિટ માટે ભારત આવ્યા હતા ત્યારે તેમણે ખુદ પીએમ મોદી સાથે આ મુદ્દે વાત કરી હતી.

### અમેરિકામાં નિક્કી હેલીને મોટા દાનવીરોનું સમર્થન

# રાષ્ટ્રપતિની ચૂંટણી માટેનું કાઉન્ટડાઉન શરૂ થયું




વોશિંગ્ટન:અમેરિકી પ્રમુખ પદની ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવારોની રેસમાં સામેલ ભારતીય મૂળનાં નિક્કી હેલીને મોટી સફળતા મળી છે. સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાનાં પૂર્વ રાજદૂત નિક્કી હેલી હાલમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પથી પાછળ છે, પરંતુ તાજેતરમાં તેમણે ફ્લોરિડાના ગવર્નર રોન ડીસેન્ટિસને પાછળ છોડી દીધા છે, જેઓ એક વર્ષથી લોકપ્રિયતાના મામલે ટ્રમ્પ પછી બીજા સ્થાને હતાં. બીજી તરફ અમેરિકાના ઘણા મોટા બિઝનેસ લીડર્સ, કોર્પોરેટ હાઉસ અને ચીફ એક્ઝિક્યુટિવ્સ અને હેજ ફંડ રોકાણકારો સહિતના લોકોએ નિક્કી હેલીના સમર્થનમાં આવ્યા છે. આટલું જ નહીં મોટા દાતાઓ અને કોર્પોરેટ હાઉસે પણ હેલીને ભરપૂર આર્થિક મદદ કરી છે. નિષ્ણાતોનું કહેવું છે કે નિક્કી હેલીની વધતી જતી લોકપ્રિયતા ડોનાલ્ડ ટ્રમ્પના વર્ચસ્વને ખતમ કરી શકે છે. આ પ્રકારની આશા રિપબ્લિકન સમર્થકો તેમજ ઘણા મતદારોમાં પણ જાગી છે...

## નિક્કીના વિચારો- જટિલ મુદ્દાથી ઘણા નેતાઓ પ્રભાવિત

નિક્કી હેલીનું સમર્થન કરનારાઓમાં ઘણા મોટા ઉદ્યોગપતિઓ અને કોર્પોરેટનો સમાવેશ થાય છે. આ કોર્પોરેટ સપોર્ટ જાન્યુઆરીમાં આયોવા કોકસ પહેલાં મહત્ત્વપૂર્ણ છે. તાજેતરમાં જે.પી. મોર્ગનના ચીફ એક્ઝિક્યુટિવ જેમી ડિમોને જણાવ્યું હતું કે તેઓ નિક્કીની નીતિઓ અને જટિલ મુદ્દાઓ પરના તેમના ખુલ્લા વિચારોથી પ્રભાવિત થયા હતા. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ. બુશના પિતરાઈ ભાઈ અને હેલ્થ સ્ટાર્ટઅપના સીઈઓ જોનાથન બુશનું કહેવું છે કે હેલીના આગમને નવી આશા જગાવી છે. જોનાથન રિપબ્લિકન છે, જેમણે 2020માં બાઈડેન અને 2016માં લિબરટેરિયન ઉમેદવાર ગેરી જોહ્ન્સનને મત આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે તેઓ હેલીના વિચાર અને સંયમથી પ્રભાવિત થયા છે. અબજોપતિ અને હોમ ડેપોના સહ-સ્થાપક કેનેથ લેંગોન માને છે કે લોકોમાં ટ્રમ્પ કરતાં હેલી વધુ લોકપ્રિય છે. કેલિફોર્નિયાના બિઝનેસમેન ટિમોથી ડ્રેપર પણ હેલીના સમર્થક છે, તેમણે હેલીની મદદ માટે એક ઝુંબેશ ફર્મ (સુપર સીએસી)માં 10 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે.

## ટેક્સ અને સરકારી ખર્ચમાં ઘટાડો કરવાના વચનથી ઉદ્યોગપતિઓ ખુશ

હેલી ટેક્સ ઘટાડવા અને સરકારી ખર્ચમાં કાપ મૂકવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની વાત કરે છે, જે ઘણા બિઝનેસ લીડર્સને અપીલ કરી રહી છે. વિદેશ-નીતિ સુધારણા અને ગર્ભપાત અધિકારો અંગે હેલીના વલણનાં ઘણા લોકો વખાણ કરે છે. ઘણા ડેમોક્રેટ સમર્થકો પણ હેલીના વિચારથી સહમત છે, જેઓ બાઈડેનની વિદેશ નીતિ અને વૃદ્ધત્વ વિશે ચિંતિત છે.

## ચર્ચા બાદ હેલીને 24 કલાકમાં 8.33 કરોડ રૂપિયાનું ફંડ મળ્યું હતું

ન્યૂ હેમ્પશાયરમાં હેલી બીજા સ્થાને છે. તેઓ મતદાન સરેરાશ 20%ની નજીક છે. હેલીએ 9 નવેમ્બરે ચર્ચા બાદ પ્રથમ 24 કલાકમાં 8.33 કરોડ રૂપિયા ફંડ એકત્ર કર્યું હતા. હેલીનું રૂ. 96 કરોડનું ચૂંટણી ભંડોળનું સંચાલન વોલ સ્ટ્રીટના દિગ્ગજ ફંડ મેનેજર સ્ટેનલી ડ્રકનમિલર અને ખાનગી-ઈક્વિટી રોકાણકાર બેરી સ્ટર્નલિચ કરે છે.



# વધુ એક ભારતીયનો અમેરિકામાં દબદબો

## અમેરિકાની FBIમાં સ્પેશિયલ એજન્ટ તરીકે ભારતવંશીની નિમણૂંક કરવામાં આવી

### શોહિની સિંહા આતંકવાદ સંબંધિત મામલાઓમાં છે નિષ્ણાત

■ વોશિંગ્ટન

એફબીઆઈ સ્પેશિયલ એજન્ટનું નામ શોહિની સિન્હા છે. તેની પાસે આતંકવાદ સાથે જોડાયેલા કેસ ઉકેલવામાં નિપુણતા છે. હાલમાં તે દેશના અનેક મહત્વના મામલામાં સીધી રીતે સંકળાયેલી છે. તે ઘણા હાઈપ્રોફાઈલ કેસ પણ ઉકેલી રહી છે, જેના કારણે તે સમાચારમાં રહે છે. અમેરિકાની ગુપ્તચર એજન્સી ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI)ની એક મહિલા એજન્ટ આ દિવસોમાં ઘણી હેડલાઈન્સ બનાવી રહી છે. ખાસ વાત એ છે કે તે ભારતીય મૂળની પ્રથમ અમેરિકન મહિલા છે જેને FBIમાં સ્પેશિયલ એજન્ટના પદ પર નિયુક્ત કરવામાં આવી છે.

એફબીઆઈના આ સ્પેશિયલ એજન્ટનું નામ શોહિની સિન્હાની આ વર્ષે ઓગસ્ટમાં સ્પેશિયલ એજન્ટ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. તેની પાસે આતંકવાદ સાથે જોડાયેલા કેસ ઉકેલવામાં નિપુણતા છે. હાલમાં તે દેશના અનેક મહત્વના મામલામાં સીધી રીતે સંકળાયેલી છે. તે ઘણા હાઈપ્રોફાઈલ કેસ પણ ઉકેલી રહી છે, જેના કારણે તે સમાચારમાં રહે છે.આ પહેલા તેમણે વોશિંગ્ટન ડીસીમાં FBI હેડક્વાર્ટરમાં એક્ઝિક્યુટિવ સ્પેશિયલ આસિસ્ટન્ટ તરીકે કામ કર્યું હતું. તેણે કેનેડિયન માઉન્ટેડ પોલીસ અને કેનેડિયન સિક્યુરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ સાથે આતંકવાદ વિરોધી બાબતો પર કામ કર્યું છે.

### કોણ છે શોહિની સિંહા?

શોહિની 2001માં એફબીઆઈમાં જોડાઈ હતી. તેમને સૌપ્રથમ મિલવૌકી ફિલ્ડ ઓફિસમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને આતંકવાદ સંબંધિત મામલાઓને ઉકેલવાની જવાબદારી સોંપવામાં આવી હતી. તેણીએ ગ્વાન્ટાનામો બે નેવલ બેઝ, લંડનમાં એફબીઆઈ ઓફિસ અને બગદાદ ઓપરેશન સેન્ટરમાં પણ કામ કર્યું છે. તેમને 2009માં સુપરવાઈઝર સ્પેશિયલ એજન્ટ તરીકે બઢતી આપવામાં આવી હતી. 2009નું વર્ષ તેમની કારકિર્દીની દૃષ્ટિએ ઘણું મહત્વનું હતું. તેમને સુપરવાઈઝરી સ્પેશિયલ એજન્ટ તરીકે બઢતી આપવામાં આવી હતી અને વોશિંગ્ટન ડીસીમાં કાઉન્ટર ટેરરિઝમ ડિવિઝનમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. બાદમાં 2012 માં, તેને બઢતી આપવામાં આવી અને ઓટાવા, કેનેડા મોકલવામાં આવી. તેણે રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ અને કેનેડિયન સિક્યુરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ સાથે નજીકથી કામ કર્યું છે. શોહિનીને 2015માં ડેટ્રોઈટ ફિલ્ડ ઓફિસમાં ફિલ્ડ સુપરવાઈઝર તરીકે પોસ્ટ કરવામાં આવી હતી. આ સમય દરમિયાન તે ઘણા મોટા આંતરરાષ્ટ્રીય આતંકવાદ કેસોની તપાસ કરી રહી હતી.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઇડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex,
Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi,
Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

### ભારતીયો માટે 1 ડિસેમ્બરથી લાગુ કરવામાં આવી નવી પોલિસી

# ભારતીયો માટે ગુડ ન્યૂઝ: શ્રીલંકા, થાઈલેન્ડ બાદ વધુ એક દેશે શરૂ કરી વિઝા ફ્રી એન્ટ્રી

**કુઆલાલંપુર: ભારત અને ચીનના નાગરિકોને 1 ડિસેમ્બરથી મલેશિયામાં વિઝા ફ્રી એન્ટ્રી મળશે. આ માહિતી મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમે રવિવારે આપી હતી. ચીની અને ભારતીય નાગરિકો મલેશિયામાં 30 દિવસ સુધી વિઝામુક્ત રહી શકે છે. મલેશિયા આર્થિક વૃદ્ધિને ટેકો આપવા માટે આવું કરી રહ્યું છે. ચેન્નઈ-કોલકાતા જેવાં શહેરોની ફ્લાઈટનો ખર્ચ લગભગ 12,000 રૂપિયા હશે. અગાઉ શ્રીલંકા અને થાઈલેન્ડે પણ વિઝા ફ્રી એન્ટ્રીની જાહેરાત કરી હતી...**

## ચીને મલેશિયાના નાગરિકોને વિઝા ફ્રી એન્ટ્રી પણ આપી છે

ચીને શુક્રવારે કહ્યું હતું કે તેઓ મલેશિયા સહિત છ દેશોના નાગરિકોને વિઝા વિના દેશમાં પ્રવેશવાની મંજૂરી આપશે. આ 1 ડિસેમ્બરથી લાગુ થશે અને આવતા વર્ષે 30 નવેમ્બર સુધી ચાલશે. યાત્રીઓ ચીનમાં 15 દિવસ સુધી વિઝા વિના રહી શકશે.

## વિયેતનામ ભારતીયો માટે વિઝામુક્ત પ્રવેશ શરૂ કરી શકે

છ દિવસ પહેલાં સમાચાર આવ્યા હતા કે વિયેતનામ પણ ભારતના પ્રવાસીઓ માટે વિઝા ફ્રી એન્ટ્રી શરૂ કરી શકે છે. હાલમાં, જર્મની, ફ્રાન્સ, ઈટાલી, સ્પેન, ડેનમાર્ક, સ્વિડન અને ફિનલેન્ડ જેવા દેશોના નાગરિકો વિઝા વિના વિયેતનામમાં પ્રવેશ કરી શકે છે. સ્થાનિક સમાચાર એજન્સી VNExpress અનુસાર, વિયતનામના સંસ્કૃતિ, રમતગમત અને પર્યટન મંત્રી ગુયેન વાન હંગે પ્રવાસનને સુધારવા માટે ચીન અને ભારત જેવાં મોટાં બજારો માટે શોર્ટ ટર્મ વિઝા ફ્રી માટે કહ્યું છે. પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે આવું કરવામાં આવી રહ્યું છે.



### ભારતીયો માટે વિઝા ફ્રી એન્ટ્રી

| | |
|---|---|
| મલેશિયા | હેતી |
| થાઈલેન્ડ | જમૈકા |
| શ્રીલંકા | મોન્ટેસેરાટ |
| કુક આઈલેન્ડ | ત્રિનિદાદ -ટોબેગો |
| ફિજી | ભૂતાન |
| માઈક્રોનેશિયા | કઝાખસ્તાન |
| નિયૂ | મકાઓ |
| વનુઆતુ | નેપાળ |
| ઓમાન | અલ સાલ્વાડોર |
| કતાર | મોરેશિયસ |
| બાર્બાડોસ | સેનેગલ |
| બ્રિટીશ વર્જિન આઈલેન્ડ | ટ્યુનિશિયા |
| ડોમિનિકા | ગ્રેનેડા |

અત્યાર સુધી, ભારતીય અને તાઈવાનના પ્રવાસીઓએ ઈમિગ્રેશન ચેકપોઈન્ટ પર આગમન પર 15 દિવસના વિઝા માટે અરજી કરવી પડતી હતી. અગાઉ સપ્ટેમ્બરમાં તેણે ચીની નાગરિકો માટે વિઝા ફ્રી એન્ટ્રીની જાહેરાત પણ કરી હતી. 2019માં મોટાભાગના લોકો ચીનથી થાઈલેન્ડની મુલાકાતે આવતા હતા. થાઈલેન્ડના રેકોર્ડ 3.9 કરોડમાંથી, 1.1 કરોડ ચીનના પ્રવાસી હતા. થાઈલેન્ડમાં આ વર્ષે જાન્યુઆરીથી ઓક્ટોબર વચ્ચે 2.2 કરોડ પ્રવાસીઓ આવ્યા હતા.

## દસ મહિનામાં 1 કરોડ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ વિયેતનામ પહોંચ્યા

ઓગસ્ટના મધ્યથી, વિયતનામે તમામ દેશના લોકો માટે ઈ-વિઝા આપવાનું શરૂ કર્યું છે. આ વર્ષના પ્રથમ દસ મહિનામાં, વિયેતનામમાં લગભગ 1 કરોડ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ આવ્યા, જે 2022ના સમાન સમયગાળા કરતાં 4.6 ગણા વધુ છે.

## વિયેતનામની રાઉન્ડ ટ્રિપ ટિકિટ 14-15 હજાર રૂપિયામાં

વિયેતનામના ફૂ ક્વોક આઈલેન્ડ, ન્હા ત્રાંગ, ડા નાંગ, હા લોંગ બે અને હાઈ એન જેવાં સ્થળો ભારતીય પ્રવાસીઓમાં લોકપ્રિય છે. વિયેટજેટ ભારતથી વિયેતનામ સુધીની ફ્લાઈટ્સનું સંચાલન કરે છે. રાઉન્ડ ટ્રિપની ટિકિટ 14-15 હજાર રૂપિયામાં મળી જાય છે.

## ભારતીયો 10 મે 2024 સુધી વિઝા વિના થાઈલેન્ડ જઈ શકશે

અગાઉ, તેની અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે, થાઈલેન્ડે ભારત અને તાઈવાનના નાગરિકો માટે વિઝા ફ્રી એન્ટ્રીની જાહેરાત કરી હતી. ભારતીયો 10 નવેમ્બર, 2023થી 10 મે, 2024 સુધી વિઝા વિના થાઈલેન્ડની મુલાકાત લઈ શકે છે અને ત્યાં 30 દિવસ રહી શકે છે. પ્રવાસન સિઝન પહેલાં લેવાયેલા આ નિર્ણયથી થાઈલેન્ડ વધુ પ્રવાસીઓને આકર્ષે તેવી અપેક્ષા છે. થાઈ સરકારના પ્રવક્તા ચાઈ વાચરોન્કેએ જણાવ્યું હતું કે આ યોજનાથી વધારાના 1.4 મિલિયન પ્રવાસીઓ આવવાની અપેક્ષા હતી. તેનાથી 1.5 બિલિયન ડોલર એટલે કે લગભગ 12 હજાર કરોડ રૂપિયાની વધારાની આવક થશે. વડાપ્રધાન શ્રેથા થવિસિને કહ્યું, 'અમે ભારત અને તાઈવાનના નાગરિકોને વિઝા-ફ્રી એન્ટ્રી આપીશું કારણ કે તેમના ઘણા લોકો થાઈલેન્ડની મુસાફરી કરવાનું પસંદ કરે છે.'

# SBIએ રૂ.14,940 કરોડના વેચ્યા ચૂંટણી બોન્ડ

## સૌથી વધુ ભારતીય જનતા પાર્ટીને 8516 કરોડ મળ્યા

■ નવી દિલ્લી

ચૂંટણી બોન્ડના સંદર્ભમાં ભારતીય સ્ટેટ બેન્ક દ્વારા આરટીઆઈ હેઠળ કેટલીક માહિતી આપવામાં આવી છે. જેમાં કેટલીક ચોંકાવનારી વિગતો બહાર આવી છે. જે મુજબ, સ્ટેટ બેન્કે છેલ્લા છ વર્ષમાં કુલ રૂ.14906 કરોડથી વધુની રકમના ચૂંટણી બોન્ડનુ વેચાણ કર્યુ છે. જો કે, આ રકમમાંથી કયા રાજકીય પક્ષોને કેટલી રકમ મળી તેની માહિતી આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરાયો છે. પરંતુ ચૂંટણી પંચે 2022માં કરેલી જાહેરાત મુજબ કુલ બોન્ડમાંથી 57 ટકા રકમ એકલા ભાજપને જ મળી છે અને બાકીની 43 ટકા રકમ અન્ય તમામ રાજકીય પક્ષોને મળી છે. એટલે કે, બોન્ડના કુલ વેચાણમાંથી સૌથી વધુ રૂ.8516 કરોડ ભાજપને જ્યારે બાકીના તમામ રાજકીય પક્ષોને રૂ.6424 કરોડ મળ્યા હોવાની ગણતરી મુકી શકાય.




## NEWS FILE

### મેહુલ ચોકસીની અરજી ફગાવી મુંબઈ કોર્ટે આપ્યો ઝટકો



મુંબઈ: મુંબઈની એક વિશેષ અદાલતે ભાગેડુ જાહેર કરવા માટેની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની અરજીના વિરોધમાં કરેલી મેહુલ ચોકસીની અરજીને ફગાવી દીધી છે. ભારત સરકાર દ્વારા કોર્ટમાં કહેવામાં આવ્યું કે 13 હજાર કરોડ રૂપિયાના PNB કૌભાંડની તપાસને કારણે ભાગી રહ્યો છે અને એન્ટિગુઆમાં છુપાયો છે. PNB કૌભાંડની તપાસ દરમિયાન એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા જપ્ત કરાયેલી બે મિલકતોનો કબજો મેળવવાની પરવાનગી માંગતી ICICI બેંક દ્વારા દાખલ કરાયેલી અરજી પર કોર્ટ સુનાવણી કરી રહી હતી. આ મિલકતોની કિંમત 636 કરોડ રૂપિયા આંકવામાં આવી છે.

### કેન્દ્ર સરકારે 70 લાખ મોબાઈલ નંબર સસ્પેન્ડ કરી દીધા

નવી દિલ્લી: કેન્દ્ર સરકારે એક મોટી કાર્યવાહી કરતાં 70 લાખ મોબાઈલ નંબર સસ્પેન્ડ કરી દીધા છે. એટલે કે હવેથી આ મોબાઈલ નંબરનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. ડિજિટલ ફ્રોડને ધ્યાનમાં રાખીને લેવાયું છે. સસ્પેન્ડ કરાયેલા મોબાઈલ નંબરમાં એવા નંબર સામેલ હતા જે કોઈને કોઈ શંકાસ્પદ લેવડ-દેવડ સાથે જોડાયેલા હતા. ખરેખર આ મામલે નાણાકીય સેવા સચિવ વિવેક જોશીએ જાણકારી આપતા કહ્યું કે ઈન્ટરનેટના દોરમાં ડિજિટલ પેમેન્ટને લઈને થતાં ફ્રોડને રોકવા માટે આ પગલું લેવાયું છે.

### US, સાઉદી અરેબિયા, UAEમાં એન્જિનિયરિંગની નિકાસમાં વધારો



નવી દિલ્હી : ભારતમાંથી અમેરિકા, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત જેવા દેશોમાં ઈજનેરી ઉત્પાદનોની નિકાસ ઓક્ટોબરમાં વધી છે. જોકે, યુરોપિયન યુનિયન, ચીન અને દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોમાં નિકાસમાં ઘટાડો થયો હોવાનું સરકારી ડેટા પરથી જાણવા મળ્યું છે. વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા દરમિયાન મંદી પછી, ભારતની એન્જિનિયરિંગ ઉત્પાદનોની નિકાસ ઓક્ટોબરમાં સતત ત્રીજા મહિને ૭.૨ ટકાની સકારાત્મક વૃદ્ધિ હાંસલ કરી હતી. જ્યારે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ સાત મહિનામાં આવા ઉત્પાદનોની નિકાસ વૃદ્ધિમાં ૧.૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

# ભારતીયોએ 3 શિફ્ટમાં કામ કરવું જોઈએ

**« સવારે 11 થી સાંજના 5ની શિફ્ટથી વિકાસ નહીં થાય, ફાસ્ટ ડિસીઝન લેવાની જરૂર**

## ભારતમાં નોકરીમાં પણ 8 કે 9 કલાકની જ શિફ્ટ હોય છે

■ નવી દિલ્લી

ભારતીય યુવાનોને અઠવાડિયામાં 70 કલાક કામ કરવાની સલાહ આપીને ઈન્ફોસિસના સ્થાપક નારાયણ મૂર્તિ ફરી એકવાર ચર્ચામાં છે. આ વખતે તેમણે કહ્યું છે કે સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને પ્રાથમિકતાના ધોરણે હાથ ધરવા જોઈએ અને આ માટે ઈન્ડસ્ટ્રીના લોકોને 3 શિફ્ટમાં કામ કરવાની જરૂર છે. મૂર્તિએ કહ્યું, 'ભારતની અર્થવ્યવસ્થા 3.5 ટ્રિલિયન ડોલરની છે, જ્યારે ચીન 19 ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયું છે. એક સમયે ત્યાં પણ આપણા જેવી સમસ્યાઓ હતી, પરંતુ ચીને તેનો ઉકેલ શોધી કાઢ્યો અને આપણાથી આગળ નીકળી ગયું. આપણે હજી પણ ચીનની બરાબરી કરી શકીએ છીએ અને તેનાથી આગળ પણ જઈ શકીએ છીએ, પરંતુ આ માટે આપણે ઝડપથી નિર્ણય લેવા પડશે. બેંગલુરુમાં ટેક સમિટ 2023ની 26મી આવૃત્તિમાં ઝીરોધાના કો-ફાઉન્ડર નિખિલ કામત દ્વારા 'આગામી 5-10 વર્ષમાં બેંગલુરુએ વધુ સારું શહેર બનવા માટે શું કરવું જોઈએ?

## યુવાનોને અઠવાડિયામાં 70 કલાક કામ કરવાની સલાહ આપી હતી

**બાળકોને અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં ભણાવો** | "ધનવાન લોકો ક્યારેય તેમના બાળકોને કન્નડ માધ્યમની શાળાઓમાં મોકલતા નથી," તેમના બાળકો હંમેશા અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં જ અભ્યાસ કરે છે. તેથી, અહીં અંગ્રેજી માધ્યમની સ્કૂલો ખોલવા અને ચલાવવાની ઈકોસિસ્ટમને સરળ અને ફ્રી બનાવવાની જરૂર છે.

હાલમાં નારાયણ મૂર્તિએ કહ્યું હતું કે જો ભારતે આગળ વધવું હશે તો યુવાનોએ અઠવાડિયામાં 70 કલાક કામ કરવું પડશે. આ પછી સોશિયલ મીડિયા ઘણા જુદા જુદા જૂથોમાં વહેંચાઈ ગયું હતું. આ નિવેદન બાદ મૂર્તિને જેટલી ટીકા થઈ તેટલું જ સમર્થન પણ મળ્યું. જો કે, નિષ્ણાતો માને છે કે લોકોના હેલ્થ પર તેની નકારાત્મક અસર પડશે.

**કંઈપણ મફતમાં આપવું જોઈએ નહીં** સમિટમાં, મૂર્તિએ સરકાર દ્વારા આપવામાં આવતી મફત સેવાઓ વિશે જણાવ્યું હતું કે, 'હું મફત સેવાઓની વિરુદ્ધ નથી, પરંતુ તે બધા લોકો જે મફત સેવાઓ અને સરકાર દ્વારા આપવામાં આવતી સબસિડી લઈ રહ્યા છે, આવા તમામ લોકોએ બદલામાં સમાજના કલ્યાણ માટે યોગદાન આપવું જોઈએ. તેમણે કહ્યું કે મફત યોજનાઓ શરતી હોવી જોઈએ. પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોમાં હાજરી 20% વધશે તો જ આ સેવાઓ મળશે.

## તંત્રીસ્થાનેથી...

# પાકિસ્તાનમાં 1947માં 1288 મંદિર હતાં, હવે 18 જ બચ્યાં



**પાકિસ્તાનમાં** હિંદુઓનાં મંદિર અને ધર્મસ્થાન તોડવાં નવી વાત નથી પણ સિંધમાં આવેલા હિંગળાજ માતાના મંદિર અને પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં આવેલી શારદાપીઠ તોડી નંખાયાં એ સમાચારના કારણે આ મુદ્દો ફરી ચર્ચામાં છે. અત્યાર સુધી પાકિસ્તાનમાં મુસ્લિમ કટ્ટરવાદીઓ મંદિરો તોડી પાડતા હતા પણ આઘાતની વાત એ છે કે, સિંધનું હિંગળાજ માતા મંદિર તથા શારદાપીઠ તો પાકિસ્તાન સરકારે તોડી પાડયાં છે. સિંધના થરપારકર જિલ્લાના મીઠી શહેરમાં આવેલા હિંગળાજ માતાના મંદિરને દબાણ કરાયું હોવાના બહાને તોડી પડાયું જ્યારે પીઓકેમાં આવેલી શક્તિપીઠને વિકાસના નામે તોડી પડાયું છે. મીડિયા રીપોર્ટ પ્રમાણે શારદાપીઠની એકદમ નજીક કોફી હાઉસ બનાવાયું છે. શારદાપીઠ ઐતિહાસિક મંદિર છે અને વરસો જૂનું છે. પાકિસ્તાનમાં હિંદુ મંદિરોની કોઈ સારસંભાળ રાખનારું જ નથી તેથી આ મંદિર ખંડેર જેવી હાલતમાં હતું. તેના કારણે કોફી હાઉસની શોભા ઘટી જતી હતી તેથી મંદિર તોડી પડાયું.

હિંદુઓ માટે ૫૧ શક્તિપીઠ શ્રધ્ધાનાં કેન્દ્ર છે. આ પૈકી હિંગાળાજ માતાનું મંદિર, શારદાપીઠ અને શિવહરકરાય એ ત્રણ શક્તિપીઠ પાકિસ્તાનમાં આવેલી છે. સિંધમાં હિંગળાજ માતાનું મંદિર તોડી નંખાયું એ શક્તિપીઠ નથી. હિંગળાજ માતા શક્તિપીઠ તો બલુચિસ્તાનના મકરાણમાં છે પણ તેનાથી કોઈ ફરક પડતો નથી. સિંધના મીઠીમાં આવેલું હિગળાજ માતાનું મંદિર પણ હિંદુઓની શ્રધ્ધાનું કેન્દ્ર હતું જ તેથી તેને તોડી પાડવામાં આવ્યું એ પણ હિંદુઓની શ્રધ્ધા પર ઘા તો છે જ.

આ ઘટનાએ પાકિસ્તાનના હિંદુઓને હચમચાવી દીધા છે કેમ કે પીઓકેનું શારદાપીઠ તો શક્તિપીઠ હતું. શારદાપીઠને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટ જાહેર કરાઈ હતી. પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે પણ તેનું રક્ષણ કરવા અને તેની જાળવણી કરવા ફરમાન કરેલું પણ કટ્ટરવાદીઓને ખુશ કરવા યુનેસ્કો અને સુપ્રીમ કોર્ટ બંનેને ઘોળીને પી જઈને શારદાપીઠ તોડી નંખાઈ એ જોતાં ભવિષ્યમાં બાકી રહેલાં હિંદુ મંદિરોને નિશાન બનાવીને તોડી પડાય અને પાકિસ્તાનમાં એક પણ હિંદુ મંદિર જ ના રહે એવી પૂરી શક્યતા છે.

પાકિસ્તાનમાં આઝાદી વખતે ૧૨૮૮ હિંદુ મંદિરો હતાં. પાકિસ્તાન સરકારે આપેલા આંકડા પ્રમાણે, ૨૦૧૯માં પાકિસ્તાનમાં ૨૦ હિંદુ મંદિર ચાલુ હતાં. સરકારનું બુલડોઝર ફરી વળતાં તેમાંથી હવે ૧૮ બચ્યાં છે. પાકિસ્તાનમાં જાન્યુઆરીમાં ચૂંટણી છે ને નવી સરકાર આવશે. આ સરકાર કટ્ટરવાદીઓનાં પગોમાં આળોટનારી હોય તો તેનાં પાંચ વર્ષ પૂરાં થતાં સુધીમાં તો એક પણ મંદિર નહીં બચે એવો પૂરેપૂરો ખતરો છે.

પાકિસ્તાનમાંથી હિંદુઓનો સફાયો કરવા ઝુંબેશ ચાલી રહી છે એ જોતાં મંદિરોને સાફ કરી દેવાય એવી શક્યતા વાસ્તવિકતા બનીને ઉભી રહે એવું હિંદુઓને લાગતું હોય તો તેમનો ડર એકદમ વ્યાજબી છે. અત્યારે મંદિરો હોવાથી હિંદુઓ એકઠા થઈ શકે છે ને પોતાનો એક સમાજ છે એવું અનુભવી શકે છે પણ મંદિરો જ ના બચે તો હિંદુઓ વેરવિખેર થઈ જાય.

હિંગળાજ માતા મંદિર અને શારદાપીઠનું ડીમોલિશન પાકિસ્તાનમાં લઘુમતીઓની શું હાલત છે તેનો વધુ એક પુરાવો છે. પાકિસ્તાનમાં રહેતા હિંદુ, સીખ, ખ્રિસ્તી સહિતના લઘુમતી સમુદાયનાં લોકો પર હુમલા થાય છે. તેમની બહેન-દીકરીઓને ઉઠાવી જઈને બળજબરીથી મુસ્લિમો સાથે પરણાવી દેવાય છે, લઘુમતીઓનું બળજબરીથી ધર્માંતરણ કરાવીને મુસલમાન બનાવી દેવાય છે એ બધું આપણે સાંભળીએ છીએ. લઘુમતીઓની જમીનો અને સંપત્તિ પડાવી લઈને તેમને પહેરેલાં લૂગડે ભાગવા માટે મજબૂર કરાય છે એ પણ જગજાહેર છે પણ મંદિરોના નાશ મુદ્દે બહુ ચર્ચા નથી થતી. વાસ્તવમાં મંદિરોનો નાશ એ જ અત્યાચારની કથાનું વધુ એક પ્રકરણ છે. બે મંદિરોના ડીમોલિશનથી તેના તરફ ધ્યાન ગયું, બાકી આઝાદી સમયથી જ લઘુમતીઓ પર અત્યાચારની સાથે મંદિરોનો નાશ પણ શરૂ થઈ જ ગયેલો. પાકિસ્તાન ૧૪ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં આવ્યું પછી છેલ્લાં ૭૫ વર્ષમાં તોડી પડાયેલાં મંદિરોના આંકડા પર નજર નાંખશો તો આ વાત સમજાશે.

# ચીનમાંથી ફરી નવા રોગચાળાનું જોખમ દુનિયાનો જીવ તાળવે ચોંટી ગયો

## વિચાર મંથન

**આખી** દુનિયા કોરાનાના રોગચાળામાંથી માંડ માંડ બહાર આવી છે ત્યાં ચીનમાં ન્યુમોનિયા જેવા નવા રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. મોટા ભાગે બાળકોમાં જોવા મળી રહેલા આ રોગચાળાનાં લક્ષણો ન્યુમોનિયા જેવાં છે પણ આ રોગચાળો ન્યુમોનિયા નથી. આ રોગનાં ભોગ બનેલાં બાળકોમાં છાતીમાં બળતરા, ભારે તાવ, ઉધરસ અને શરદી જેવાં ન્યુમોનિયાનાં લક્ષણો જોવા મળી રહ્યાં છે પણ ચીને પોતે કહ્યું છે કે, આ ન્યુમોનિયા નથી પણ બીજો કોઈ રોગ છે. આ રોગચાળો આખી દુનિયામાં ફેલાય એવો ખતરો હોવાનું મેડિકલ નિષ્ણાતો માને છે. તેના કારણે ચીનાઓની મહેરબાનીથી કોરોના પછી બીજા મોટો રોગચાળો દુનિયાને ભરડામાં લેશે એવો ફફડાટ વ્યાપી ગયો છે.

ચીનના નેશનલ હેલ્થ કમિશને તો દસ દિવસ પહેલાં એટલે કે ૧૩ નવેમ્બરે જ પ્રેસ કોન્ફરન્સ કરીને આ રોગની જાહેરાત કરી નાંખી હતી પણ એ વખતે કોઈએ વાતને ગંભીરતાથી નહોતી લીધી. તેનું કારણ એ કે, આ પ્રેસ કોન્ફરન્સમાં ચીને શ્વાસ સંબંધિત રોગના કેસ વધી રહ્યા હોવાની માહિતી આપી હતી પણ આ રોગ ક્યો છે તેનો ફોડ નહોતો પાડયો. શ્વાસ સંબંધિત બિમારીઓ ઘણી બધી છે અને શિયાળો આવે ત્યારે આ રોગના કેસો વધતા હોય છે તેથી ચીન તેને લગતી માહિતી આપી રહ્યું હોવાનું સૌને માની લીધેલું. ચીને આ રોગ ક્યો છે એ પકડાતું નથી એવું પણ નહોતું કહ્યું તેથી બધાંએ તેને સીઝનલ માની લીધેલું.

હવે ધડાધડ કેસો વધવા માંડતાં પ્રો-મેડે વર્લ્ડ વાઈડ એલર્ટ જાહેર કર્યું તેમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન સફાળું જાગ્યું છે અને ચીન પાસેથી તાત્કાલિક રીપોર્ટ માંગ્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને સત્તાવાર નિવેદન બહાર પાડીને સ્વીકાર્યું છે કે, ઓક્ટોબરના મધ્યથી જ ચીનના ઉત્તર ભાગમાં ઈન્ફ્લુએન્ઝા જેવા રોગના દર્દીઓની સંખ્યામાં વધારો દેખાવા માંડયો હતો પણ અત્યારે સ્થિત કાબૂ બહાર છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આ રોચગાળા માટે ક્લસ્ટર્સ ઓફ ન્યુમોનિયા શબ્દ વાપર્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ચીન પાસેથી રીપોર્ટ માગ્યો છે પણ પ્રો-મેડે તો દુનિયાભરમાં એલર્ટ જાહેર કરી દીધું છે. ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ઈન્ફેક્શિયસ ડીસીઝ દ્વારા શરૂ કરાયેલું પ્રો-મેડ દુનિયામાં ફાટી નિકળતા રોગચાળા અને નવા રોગો વિશે માહિતી આપતું સૌથી મોટું પ્લેટફોર્મ છે. ૧૯૯૪માં સ્થપાયેલું પ્રો-મેડ દુનિયામાં ક્યાં ક્યો રોગચાળો વકર્યો છે ત્યાંથી માંડીને ક્યો શંકાસ્પદ રોગ દેખાયો છે ત્યાં સુધીની માહિતી ઈન્ટરનેટના માધ્યમથી આપે છે.

દુનિયાભરના વિજ્ઞાનીઓ, ફીઝિશિયન્સ, વેટરિનરિયન્સ, એપિડેમિલોજિસ્ટ્સ, પબ્લિક હેલ્થ પ્રોફેશનલ્સ સહિતના મેડિકલના સેક્ટરમાં કામ કરતા હજારો નિષ્ણાતો પ્રો-મેડ સાથે જોડાયેલા છે તેથી પ્રો-મેડની માહિતીને સચોટ માનવામાં આવે છે. ડિસેમ્બર ૨૦૧૯માં કોરોનાની શરૂઆત થઈ ત્યારે સૌથી પહેલાં પ્રો-મેડે જ વર્લ્ડવાઈડ એલર્ટ જાહેર કર્યું હતું. એ વખતે ચીને પ્રો-મેડની ચેતવણીને લોકોમાં ડર ફેલાવવાનું કાવતરું ગણાવેલું.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ આ ચેતવણે ગંભીરતાથી નહોતી લીધી પણ ધીરે ધીરે આખી દુનિયા કોરોનાના ભરડામાં આવી પછી સૌને અહેસાસ થયો કે, પ્રો-મેડની ચેતવણી સાચી હતી. આ કારણે પ્રો-મેડની ચેતવણીને મેડિકલ પ્રોફેશનલ્સ તો અત્યારથી ગંભીરતાથી લઈ રહ્યા છે, દુનિયા પર મોટા રોગચાળાનો ખતરો ઝળુંબી રહ્યો હોવાનું માની રહ્યા છે.

પ્રો-મેડ પાસે પણ આ રોગ ક્યારે ફેલાવા લાગ્યો તે અંગે માહિતી નથી. આ રોગ માત્ર બાળકો પૂરતો જ મર્યાદિત છે કે યુવાનો અને વૃદ્ધોને પણ તેની અસર થઈ રહી છે એ અંગે પણ પ્રો-મેડ પાસે કોઈ માહિતી નથી. તેના કારણે ચીન પાછું શંકાના દાયરામાં આવી ગયું છે. કોરોના વખતે પણ ચીને બહુ બધી વાતો છૂપાવી હતી ને તેની આકરી કિંમત આખી દુનિયાએ ચૂકવી. પ્રો-મેડના એલર્ટ અને આ રોગચાળાની ગંભીરતાના રીપોર્ટના કારણે ચીન કશું છૂપાવી રહ્યું હોવાની આશંકા પણ વ્યક્ત થઈ રહી છે.

ચીનના નેશનલ હેલ્થ કમિશને ન્યુમોનિયા જેવા લાગતા રોગના વધતા વ્યાપ અંગે પ્રેસ કોન્ફરન્સ કરી ત્યારે તેમાં પણ કોરોનાને લગતા પ્રતિબંધો હટાવાયા તેના કારણે કેસો વધ્યા હોવાનું કહેલું. ચીન એવી છાપ ઉભી કરવા માગતું હતું કે, નવા કેસો કોરોનાના જ છે પણ પ્રો-મેડે તેની પોલ ખોલી નાંખી. એ પછી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને રોગની તપાસ કરવા માટે હાલમાં ચીનમાં રોગચાળો ફેલાવી રહેલા તમામ પ્રકારના વાયરસની યાદી માંગી છે. ટૂંકમાં કોરોનાની જેમ ચીન ફરી શંકાના દાયરામાં છે.

પ્રો-મેડના રીપોર્ટ પ્રમાણે, ઉત્તર ચીનમાં ફેલાયેલા આ રહસ્યમય રોગના કારણે ચીનની રાજધાની બેઈજિંગ તથા આસપાસના લગભગ ૧૫૦૦ કિલોમીટરના માઈલ વિસ્તારમાં આવેલી તમામ હોસ્પિટલો દર્દીઓથી ભરાઈ ગઈ છે. રોગને ફેલાતો અટકાવવા માટે સ્કૂલો બંધ કરી દેવામાં આવી છે. જાહેર પાર્ક અને એમ્યુઝમેટ પાર્ક, ડે કેર સેન્ટર વગેરે પણ બંધ કરી દેવાયાં છે. લોકોને ફરજિયાત માસ્ક પહેરવા અને સોસિયલ ડિસ્ટન્સનું પાલન કરવાનું ફરમાન પણ કરાયું છે. પ્રો-મેડે લોકોમાં ડર ના વધે એટલે સાવચેતીભર્યું વલણ બતાવીને એવું કહ્યું છે કે, કેસો વધી રહ્યા છે તેથી અત્યારથી તેને રોગચાળો કહી ના શકાય કેમ કે હાલમાં ચીનમાં ભારે ઠંડી પડી રહી છે. તાપમાન શૂન્ય ડિગ્રીની નજીક પહોંચવાની સંભાવના છે તેથી તેની અસર હોઈ શકે. જો કે પ્રો-મેડે વર્લ્ડવાઈડ એલર્ટ જાહેર કરી દીધું તેના કારણે લોકો મેડિકલ નિષ્ણાતો આ સ્પષ્ટતાને બહુ મહત્વની નથી માનતા. તેમના મતે, પ્રો-મેડનું એલર્ટ પૂરતું છે. ભારતે આ એલર્ટના પગલે સતર્ક થવાની જરૂર છે કેમ કે આ પ્રકારના રોગો વધારે ભીડ ધરાવતા વિસ્તારોમાં ઝડપથી ફેલાય છે.

ચીનની જેમ ભારતમાં વસતીની ગીચતા બહુ જ છે તેથી ભારત પર આ રોગચાળાનો ખતરો સૌથી વધારે છે. ભારતે કોરોના રોગચાળા વખતે બહુ મોટી કિંમત ચૂકવી હતી. ફરી એવી કિંમત ના ચૂકવવી પડે એ માટે અત્યારથી સાબદા થઈ જવું જોઈએ.

કોરોના વાયરસ ચીનની વુહાન લેબમાંથી લીક થયો હતો એવું મનાય છે પણ ચીનના અસહકારના કારણે સત્ય જાણી શકાતું નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન માને છે કે, વુહાન લેબમાં કોરોના વાયરસનો અભ્યાસ કરવામાં આવી રહ્યો હતો. કોરોના અંગે ચીન પાસે એવો ડેટા છે જેનાથી કોરોના વાયરસની ઉત્પત્તિ સમજી શકાય પણ ચીન આ ડેટા આપતું નથી.

### આખરે શું ઈચ્છે છે મોહમ્મદ મુઈઝુ

# નવી સરકાર બનતાની સાથે માલદીવના ભારત પ્રત્યે કેમ બદલાયા સૂર !

**માલદીવમાં** હાલ સરકાર બદલાઈ અને મોહમ્મદ મુઈઝુએ 17 નવેમ્બરે રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા.. માલદીવમાં ચૂંટણી ઈન્ડિયા આઉટના અભિયાન હેઠળ લડાઈ. અને મુઈઝુએના શપથ સમારોહમાં કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ હાજરી આપી. પરંતુ હાલ મુઈઝુનું માલદીવના રાષ્ટ્રપતિ બનવું એ ભારત માટે ચિંતાનો વિષય બન્યો છે. તેઓ માલદીવમાંથી ભારતીય સૈનિકોને કાઢવાની ઈચ્છા ધરાવે છે. રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા બાદ પણ તેમણે કિરેન રિજિજુને પણ સૈનિકોને પાછા બોલાવવા બાબત વાત કરી હતી. આ ઉપરાંત મુઈઝુની સરકારે ભારત સાથે થયેલા 100 થી વધુ કરારોની સમીક્ષા કરવાનો પણ નિર્ણય લીધો છે. મુઈઝુને ચીનનો સમર્થક માનવામાં આવે છે. મુઈઝુ પહેલાના માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ સોલિહ હતા, જેમના કારણે ભારત અને માલદીવના સંબંધો ખુબ જ સારા હતા. તેમને ચીનના વિરોધી માનવામાં આવતા હતા. 90 હજાર ચોરસ કિમીમાં ફેલાયેલા માલદીવમાં જમીન વિસ્તાર માત્ર 300 ચોરસ કિમી જ છે. જેમાં 1200થી વધુ દ્વીપ સમુદ્રમાં ફેલાયેલા છે.

1965 માલદીવ બ્રિટનથી આઝાદ થયું અને ત્યારબાદ 2008 સુધી ત્યાં સિંગલ પાર્ટી સિસ્ટમ જ અનુસરવામાં આવતી. 2008માં નવું બંધારણ અમલમાં આવતા મલ્ટી પાર્ટી સિસ્ટમ બની. જેથી 2008માં મોહમ્મદ નાશિદ સત્તા પર આવ્યા. તેઓ પહેલા ભારત તરફી હતા પરતું સમય જતા તેઓ ચીન તરફી થયા. આમ જોઈએ તો માલદીવને ભારતનો સૌથી નજીકનો પડોસી ગણી શકાય , કારણ કે બંને વચ્ચે લગભગ 2000 કિમીનું જ અંતર છે. તેમજ તે હિંદ મહાસાગરમાં આવેલું છે ભારત, ચીન અને જાપાનને એનર્જી સપ્લાય કરતા શિપિંગ લેન પણ માલદીવના દ્વીપની નજીક જ આવેલા છે. તે તેને ભારત માટે ખાસ બનાવે છે.




માલદીવ SAARCનો પણ સભ્ય દેશ છે. આથી આ પ્રદેશમાં ભારતે પોતાના પ્રભુત્વ જમાવી રાખવા માટે માલદીવના સાથની પણ જરૂર છે. 2016ના ઉરી હુમલા બાદ પાકિસ્તાનમાં સાર્ક સમિટ થઈ, જેને ભારતે બાયકોટ કરવાની અપીલ કરી હતી. જેમાં ભારતનો સાથ દેનાર એકમાત્ર દેશ માલદીવ હતો. ભારતે પણ હંમેશા માલદીવનું સમર્થન કર્યું છે અને આ પ્રક્રિયા 1965માં માલદીવની સ્વતંત્રતા સાથે શરૂ થઈ હતી. માલદીવને સૌપ્રથમ માન્યતા આપનાર દેશોમાં ભારત એક હતું. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા માલદીવના મોટા ફાઈનાન્સર માંથી એક રહ્યું છે. તેના કારણે જ માલદીવની ઈકોનોમી મજબુત બની છે. આ ઉપરાંત ભારતના કારણે માલદીવની ડીફેન્સ પણ મજબુત થઈ છે. જેમાં ભારતે માલદીવના દોઢ હજારથી વધુ સૈનેકોને ટ્રેનીંગ આપી છે. તેમજ ભારતે માલદીવને 2010 અને 2013માં હેલીકોપ્ટર અને 2020માં એક નાનું એરક્રાફ્ટ પણ ભેટમાં આપેલું છે.



## Gadgets ગુરૂ

### IQ 12 5G સ્માર્ટફોન 12 ડિસેમ્બરે લોન્ચ થશે

ચીનની ટેક કંપની IQ ભારતમાં 12 ડિસેમ્બરે 'IQ 12' 5G સ્માર્ટફોન લોન્ચ કરવા જઈ રહી છે. કંપનીએ સત્તાવાર વેબસાઈટ પર આ માહિતી આપી છે. આ IQ ફોનમાં ફોટોગ્રાફી માટે 50MP + 50MP + 64MP ટ્રિપલ કેમેરા સેટઅપ હશે. કંપનીએ પુષ્ટિ કરી છે કે પ્રદર્શન માટે, ફોન Qualcomm Snapdragon 8 Gen 3 પ્રોસેસરથી સજ્જ હશે, આ પ્રોસેસર સાથે આવનારો આ ભારતનો પહેલો 5G સ્માર્ટફોન હશે.

- 6.78 ઈંચની AMOLED ડિસ્પ્લે
- 20:9 એસ્પેક્ટ રેશિયો
- 1260x2800 પિક્સલ રિઝોલ્યુશન 16MP ફ્રન્ટ કેમેરા
- 120W ફાસ્ટ ચાર્જિંગ સપોર્ટ
- 5000mAh બેટરી

### ભારતીય મૂળના 5 અમેરિકનનો અમેરિકામાં જલવો

# શક્તિશાળી અમેરિકાની રાજનીતિથી અર્થવ્યવસ્થા સુધી ચાલે છે સિક્કો

વોશિંગ્ટન : અમેરિકામાં ભારતીય મૂળના નાગરિકોનો સિક્કો બોલે છે. પછી ભલે ત્યાંની રાજનીતિ હોય કે પછી અર્થવ્યવસ્થા. જેમાં ભારતવંશીઓનો સારો દબદબો છે. આજે અમે તમને આવા 5 ભારત અમેરિકન લોકોની વાત કરીશું. જેમનો અમેરિકામાં સિક્કો ચાલે છે. અમેરિકાની વસ્તીમાં માત્ર એક ટકા ભારતીય મૂળના લોકો રહે છે. પરંતુ આ એક ટકા લોકોની ત્યાંની રાજનીતિથી લઈને અર્થવ્યવસ્થા સુધીમાં વધારે દખલ છે. વ્હાઈટ હાઉસમાં 130થી વધારે ભારતવંશી છે. જે બાઈડેન સરકાર ચલાવે છે. એવામાં જાણીશું કે તે ભારતીય મૂળના તે 5 અમેરિકનો વિશે, જેમનો અમેરિકાના રાજકારણથી લઈને અર્થવ્યવસ્થા સુધીમાં મહત્વનું યોગદાન છે.



1 કમલા હેરિસ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ છે. કમલા હેરિસના માતા ભારતીય હતા. જ્યારે પિતા જમૈકાના રહેવાસી છે. તેમનો જન્મ કેલિફોર્નિયાના ઓકલેન્ડમાં થયો હતો. કમલા હેરિસ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ બનનાર માત્ર પહેલાં જ મહિલા નથી. પરંતુ આ પદ પર પહોંચનાર પહેલા એશિયાઈ-અમેરિકી અને આફ્રિકી અમેરિકી મહિલા પણ છે.



2 સત્યા નડેલા સત્યા નડેલાનો જન્મ હૈદરાબાદમાં થયો હતો. માતા સંસ્કૃત લેક્ચરર અને પિતા આઈએએસ ઓફિસર હતા. કર્ણાટકની મણિપાલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજીમાંથી બીટેકની ડિગ્રી મેળવી હતી. શિકાગો યુનિવર્સિટીના બૂથ સ્કૂલ ઓફ બિઝનેસમાંથી એમબીએની ડિગ્રી હાંસલ કરી હતી. નડેલા 1992માં માઈક્રોસોફ્ટમાંથી જોડાયેલા હતા.



3 મદ્રાસમાં જન્મેલા સુંદર પિચાઈ અલ્ફાબેટ અને તેમની સબ્સિડિયરી ગૂગલના સીઈઓ છે. પિચાઈએ IIT ખડગપુરથી એન્જિનિયરીંગની ડિગ્રી મેળવી. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી એમએસ અને વ્હાર્ટન બિઝનેસ સ્કૂલમાંથી એમબીએની ડિગ્રી મેળવી હતી. ડિસેમ્બર 2019માં તેમને આલ્ફાબેટના સીઈઓ બનાવ્યા હતા.



4 ભારતીય મૂળના અમેરિકી અર્થશાસ્ત્રી છે. 2019માં તેમને એસ્થર ડુફ્લો અને માઈકલ ક્રેમરની સાથે સંયુક્ત રીતે અર્થશાસ્ત્રમાં નોબલ પુરસ્કાર મળ્યો હતો. તેમની માતા મરાઠી હતા. જ્યારે પિતા બંગાળી હતા. યુનિવર્સિટીમાંથી પીએચડીની ડિગ્રી મેળવી હતી. જેએનયુમાંથી અભ્યાસ દરમિયાન તેમની એક વિદ્યાર્થી આંદોલનના મામલામાં પણ ધરપકડ કરવામાં આવી હતી.



5 અમૃતસરમાં જન્મેલા વિકાસ ખન્ના ન્યૂયોર્ક સિટીમાં શેફ છે. ન્યૂયોર્ક જતાં પહેલાં તે ભારતમાં તાજ હોટલ, ઓબરોય ગ્રુપ અને લીલા ગ્રુપ ઓફ હોટલ્સમાં કામ કરી ચૂક્યા છે. તેમણે ગોર્ડન રેમસે, બોબી ફ્લે અને એરિક રિપર્ટ જેવા દુનિયાના ટોચના શેફની સાથે કર્યુ છે. વિકાસ ખન્નાને ત્યારે સૌથી વધારે પ્રસિદ્ધિ મળી, જ્યારે તેમણે માસ્ટરશેફ ઈન્ડિયામાં જજની ભૂમિકા ભજવી હતી.

## USમાં ભાણેજે ત્રણ હત્યા કરી, નાના-નાની, મામાને ગોળી મારી

ન્યૂજર્સીઃ અમેરિકામાં ગુજરાતી યુવાને તેનાં સગાં મામા, નાના-નાનીની ગોળી મારી હત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. યુવાને પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ગોળી મારી હત્યા કરી હતી. ઘટનાને પગલે તાત્કાલિક દોડી ગયેલી ન્યૂજર્સી પોલીસે યુવાનની ધરપકડ કરી તપાસ હાથ ધરી હતી. નોંધનીય છે કે, હત્યારા યુવાનના નાના ગુજરાત પોલીસમાંથી પીઆઇ તરીકે નિવૃત્ત થયા હતા. મળતી માહિતી અનુસાર, દિલીપભાઈ બ્રહ્મભટ્ટ ગુજરાત પોલીસમાં ફરજ બજાવતા હતા. તેમના પરિવારમાં પુત્રી રિંકુનાં લગ્ન વિદેશમાં થયાં હતાં અને તેણે પુત્ર ઓમને જન્મ આપ્યો હતો. જોકે, બાદમાં રિંકુના છૂટાછેડા થયા હતા. રિંકુ ભારત પરત આવી ગઈ હતી. રિંકુનો ભાઈ યશ બ્રહ્મભટ્ટ અભ્યાસ બાદ અમેરિકામાં સ્થાયી થયો હતો. દિલીપભાઈ અને તેમનાં પત્ની અમેરિકામાં પુત્ર યશ પાસે આવતા જતાં રહેતાં હતાં. જ્યારે પોતાના ભાણેજ ઓમને અમેરિકામાં સેટ કરવા માટે મામા યશ તેને સાથે લઈ ગયા હતા. આ દરમિયાન ઓમ ડ્રગ્સના રવાડે ચડ્યો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. જ્યારે ભાણેજ ઓમે ગનથી મામા, નાના-નાનીને ગોળી ધરબી હત્યા કરી દીધી હતી.

## NEWS FILE

### અમેરિકાએ આખી દુનિયામાં વિઝા આપવાનો રેકોર્ડ બનાવ્યો




નવી દિલ્હીઃ અમેરિકાના ભારત સ્થિત દૂતાવાસે ઓક્ટોબર 2022થી સપ્ટેમ્બર 2023 વચ્ચે એક જ વર્ષમાં 1.40 લાખથી વધારે ભારતીય વિદ્યાર્થીઓને વિઝા આપીને નવો રેકોર્ડ સર્જ્યો છે. અમેરિકાના વિદેશ વિભાગના કહેવા પ્રમાણે આ સમયગાળમાં વૈશ્વિસ સ્તરે લોકોને અમેરિકા આવવા માટે અલગ અલગ 10 મિલિયનથી વધારે વિઝા આપવામાં આવ્યા છે. જેમાં વેપાર અને પર્યટન માટે અપાયેલા આઠ મિલિયનથી વધારે વિઝાનો સમાવેશ થાય છે. 2015 પછી સૌથી વધારે વિઝા આ સમયગાળામાં અપાયા છે. જ્યારે અમેરિકાએ આખી દુનિયાના 6 લાખ વિદ્યાર્થીઓને વિઝા આપ્યા છે.

### દરિયાકાંઠે વસેલા શહેરો ડૂબી જશે તેવો રિપોર્ટમાં ખુલાસો

ન્યૂયોર્કઃ હાલ વિકાસના નામે માનવી સદીઓથી પ્રકૃતિને નુકશાન પહોંચાડી રહ્યો છે. જેના કારણે હવે માનવી પ્રદૂષિત હવા, પ્રદૂષિત પાણી, કલાઈમેટ ચેન્જ વગેરેનો ભોગ બની રહ્યો છે. હાલ કલાઈમેટ ચેન્જના કારણે લોકો ઝાળવી ઋતુ પરિવર્તન, અતિવૃષ્ટિ, સખત ગરમી, તેમજ દરિયાની સપાટી ઉંચી આવવી વગેરે જેવી સમસ્યાઓનો સામનો કરી રહી છે. કારણ કે 37 વર્ષ પછી એન્ટાર્કટિકામાં કંઈક એવું થઈ રહ્યું છે જે પહેલા ક્યારેય જોવા મળ્યું ન હતું, પરંતુ હવે દરિયાકાંઠાના કિનારે વસેલા શહેરો માટે જોખમ ઉભું થયું છે.

### USમાં ઘૂસણખોરીની સમસ્યા ચૂંટણીનો મુખ્ય મુદ્દો બનશે



વોશિંગ્ટનઃ અમેરિકામાં ઘૂસણખોરોનો મુદ્દો રાષ્ટ્રપતિ પદની આગામી ચૂંટણીમાં ફરી એક વખત ઘૂસણખોરીની સમસ્યા મુખ્ય મુદ્દો બને તેવા ભણકારા વાગી રહ્યા છે. રિપબ્લિકન પાર્ટી વતી ફરી ચૂંટણી લડવા માટે થનગની રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે ઘૂસણખોરો સામે આકરુ વલણ અપનાવવાની જાહેરાત કરી છે. ટ્રમ્પ જ્યારે અમેરિકાના પ્રમુખ હતા ત્યારે તેમણે ગેરકાયદે રીતે અમેરિકા આવતા લોકો સામે લાલ આંખ કરી હતી. ટ્રમ્પે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં કહ્યુ છે કે, હજારોની સંખ્યામાં અમેરિકામાં બોર્ડર ક્રોસ કરીને આવી રહેલા લોકોને હું રોકીશ.

# ભારતીય એસ્ટ્રોનોટને સ્પેસમાં મોકલશે NASA

## « કોઈ રાજકીય વ્યક્તિ જઈ શકે છે

### નાસા ચીફે કહ્યું- પહેલીવાર ભારતને અંતરિક્ષમાંથી જોયેલું

**તે સ્વર્ગ જેવો નજારો હતોઃ બિલ નેલ્સન**

■ નવી દિલ્લી

અમેરિકન સ્પેસ એજન્સી નાસા આવતા વર્ષ સુધીમાં ભારતીય અવકાશયાત્રીઓને અવકાશમાં મોકલવામાં ઈસરોને મદદ કરશે. ભારતની મુલાકાતે આવેલા નાસા ચીફ બિલ નેલ્સને આ જાહેરાત કરી હતી. બિલે કહ્યું કે નાસા અવકાશયાત્રીઓની તાલીમમાં સહકાર આપશે. જોકે, ઈસરો પોતે અવકાશયાત્રીઓની પસંદગી કરશે. નાસાની આમાં કોઈ ભૂમિકા રહેશે નહીં. બંને અવકાશ એજન્સીઓ મિશનની વિગતો પર સાથે મળીને કામ કરી રહી છે. 1984માં રાકેશ શર્મા બાદ પ્રથમ વખત કોઈ ભારતીય ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર જશે. નાસા ચીફે કહ્યું- ભારત અમેરિકાનું મહત્ત્વપૂર્ણ ભાગીદાર છે. તેમજ ભારત અવકાશમાં અવકાશ વિજ્ઞાન સંબંધિત પ્રવૃત્તિઓ માટે ભવિષ્યમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. મીડિયા સાથે વાત કરતા નેલ્સને તે ક્ષણ વિશે પણ જણાવ્યું જ્યારે તેણે પહેલીવાર ભારતને અવકાશમાંથી જોયું.



**NASA-ISRO સંયુક્ત રીતે 1 બિલિયન ડોલરનો સેટેલાઇટ લોન્ચ કરશે** NASA અને ISRO સાથે મળીને NASA-ISRO સિન્થેટિક એપરચર રડાર પણ આવતા વર્ષના પ્રારંભિક ક્વાર્ટરમાં લોન્ચ કરવા જઈ રહ્યા છે. આ વિશ્વના સૌથી મોંઘા ઉપગ્રહોમાંથી એક હશે. તેની કિંમત 1 અબજ ડોલર હશે. આ ઉપગ્રહનો ઉપયોગ પૃથ્વીની સપાટી અને તેના વાતાવરણનું નિરીક્ષણ કરવા માટે કરવામાં આવશે. તે પૃથ્વી પર જમીન અથવા પાણીમાં થતા કોઈપણ ફેરફારો પર નજર રાખશે.

# દક્ષિણ અમેરિકામાં જળસંકટ; સૌથી ઉંચા નેવિગેબલ સરોવરમાં તિરાડ પડી, શું આ ગ્લોબલ વોર્મિંગની સૌથી ખતરનાક અસર છે?



દક્ષિણ અમેરિકાના તાજા પાણીના સૌથી મોટા ભાગ અને એન્ડીસ પર્વતની વચ્ચે આવેલા વિશ્વના સૌથી ઉંચા નેવિગેબલ સરોવર ટીટીકાકા સરોવરના કેટલાંક ભાગોમાં તિરાડો સાથે ચિંતાજનક સ્થિતિ જોવા મળી રહી છે. આ વિસ્તારમાં પાક સૂકાઈ ગયો છે. દુષ્કાળ વચ્ચે નજીકના કૂવાઓ પણ સૂકાઈ ગયા છે. અને પશુધન ઘાસચારા માટે સંઘર્ષ કરી રહ્યો છે. આ તળાવની આસપાસ રહેતા લોકો પહેલાં હોડીની મદદથી સરળતાથી ફરતા હતા. પરંતુ હવે તેઓ તળાવના સૂકાઈ ગયેલા ભાગ પર ચાલવા મજબૂર બન્યા છે.

## ગુરુદ્વારામાં ભારતીય રાજદૂત સાથે ગેરવર્તન

### અમેરિકન શીખ સંગઠને કાર્યવાહીની માંગ કરી

■ ન્યૂયોર્ક

કેનેડામાં હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ હવે ખાલિસ્તાની આતંકવાદી ગુરુપતવંત સિંહ પન્નૂને હત્યાનો ડર સતાવી રહ્યો છે. એવામાં ગઈકાલની ઘટના બાદ અમેરિકાના એક શીખ સંગઠને દેશમાં ભારતીય રાજદૂત તરનજીત સિંહ સંધુ પર ન્યૂયોર્કના ગુરુદ્વારામાં હુમલાની ઘટનાની નિંદા કરી છે. આ સિવાય શીખ સંગઠને ગુરુદ્વારા મેનેજમેન્ટ પાસે સામેલ લોકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. જારી કરાયેલા એક નિવેદનમાં શીખ્સ ઑફ અમેરિકા નામની સંસ્થાએ કહ્યું કે, ગુરુદ્વારા એક ધાર્મિક સ્થળ છે અને અહીં આવતા



લોકોએ વ્યક્તિગત રાજકીય વિચારોને દૂર રાખવા જોઈએ. ઘટના એવી છે કે ગઈકાલે ગુરુ પર્વના અવસર પર તરનજીત સિંહ સંધુએ ન્યૂયોર્કના લોંગ આઈલેન્ડ સ્થિત હિક્સવિલે ગુરુદ્વારામાં પ્રાર્થના કરવા માટે ગયા હતા. ત્યારે તેમની સાથે ખાલિસ્તાની સમર્થકોએ દુર્વ્યવહાર કર્યો હતો. અનેક વાયરલ વીડિયોમાં સંધૂને ખાલિસ્તાની સમર્થકોને રાજદૂત સાથે ધક્કા-મુક્કી કરતા દેખાઈ રહ્યા હતા.

## ડિસેમ્બરથી 20,000 અરજદારોને વિઝા રિન્યુઅલ યુએસ બેઠાં કરી અપાશે, ભારતીયોને મોટી રાહત

### યુએસમાં વસતાં અરજદારને વિઝા રિન્યુઅલ માટે વોશિંગ્ટન મોકલવા પડશે

■ વોશિંગ્ટન

ડિસેમ્બરથી શરૂ થતાં ત્રણ મહિનાના સમયગાળામાં યુએસ વિદેશ વિભાગ દ્વારા યુએસમાં વસતાં વિદેશીઓને ૨૦,૦૦૦ વર્ક વિઝા રીન્યુ કરી આપવામાં આવશે તેમ સ્ટેટ ફોર વિઝા સર્વિસીસની ડેપ્યુટી આસિસ્ટન્ટ સેક્રેટરી જુલી સ્ટુફ્ટે જણાવ્યું હતું. આ પહેલના કારણે યુએસમાં વસતાં ભારતીય એચવન બી વિઝાધારકોને લાભ થશે. સ્ટુફ્ટે જણાવ્યું હતું કે આ પ્રોગ્રામને પગલે લોકોને તેમના વિઝા રીન્યુ કરવા માટે તેમના દેશમાં કે અન્યત્ર જવાની ફરજ પડશે નહીં. પ્રથમ ગુરપમાં ૨૦,૦૦૦ વીઝા




અપાશે જેમાં યુએસમાં વસતાં ભારતીયોને ફાયદો થશે. બાદમાં આ કાર્યક્રમને વિસ્તારવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યુએસ મુલાકાત દરમ્યાન આ કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. જેના પાઈલટ પ્રોગ્રામને લોન્ચ કરવા માટે વિદેશ વિભાગ દ્વારા કામ કરવામાં આવી રહ્યું હતું. સ્ટુફ્ટે જણાવ્યું હતું કે ટૂંક સમયમાં આ બાબતે પ્રથમ સત્તાવાર ફેડરલ રજિસ્ટર નોટીસ બહાર પાડવામાં આવશે.

### અમેરિકી વિઝા ટૂંક સમયમાં થઈ જશે 'પેપરલેસ'

ન્યૂયોર્કઃ અમેરિકા દ્વારા ટૂંક સમયમાં એક મોટું પગલું ભરવામાં આવશે. હવે અમેરિકી વિઝા કાગળરહીત એટલે કે પેપરલેસ થઈ જશે. માહિતી અનુસાર આગામી વર્ષથી અમેરિકી પાસપોર્ટ પર કોઈ સ્ટેમ્પ કે મોહર નહીં લગાવવી પડે. તેનાથી સ્ટેમ્પ ચોંટાડવાની પરંપરાગત પ્રથાનો સંપૂર્ણપણે અંત આવી જશે. તાજેતરમાં જ બાયડેન સરકારે ડબલિનમાં અમેરિકી રાજદ્વારી મિશનમાં પેપરલેસ વિઝા માટે એક સફળ પાયલટ પ્રોજેક્ટના સમાપનની જાહેરાત કરી હતી અને તેમણે આ ડિજિટલ વિઝા સિસ્ટમને ધીમે ધીમે લાગુ કરવાની યોજના બનાવી છે. તે વિઝા પ્રક્રિયામાં એક મહત્તવપૂર્ણ પરિવર્તનનું પ્રતીક ગણાશે. વિઝા સેવાઓ માટે રાજ્યના ઉપ સહાયક સચિવ જૂલી સ્ટફે કહ્યું કે અમે પેપરલેસ વિઝા માટે અમારો પ્રથમ નાનો સ્કોપ પાઈલટ પૂર્ણ કરી લીધો છે. જેનો અર્થ એ છે કે વિઝા પ્રક્રિયા સમાન જ છે પણ કોઈના પાસપોર્ટમાં કોઈ ભૌતિક વિઝા નથી.

## અમેરિકાએ ભારતને આપી ગુપ્ત માહિતી


« પન્નુ અમેરિકા-ભારતમાં બેસીને અલગતાવાદી પ્રવૃતિઓ ઓપરેટ કરે છે

### હાઈ-લેવલ કમિટી તાત્કાલિક આવી એક્શનમાં

■ ન્યૂયોર્ક

અમેરિકાએ તાજેતરમાં જ દાવો કર્યો છે કે, તેણે સંગઠિત ગુનેગારો, હથિયારબંધ હુમલાખોરો અને આતંકવાદીઓ વચ્ચેની સાંઠગાંઠનો ઈનપુટ ભારત સરકારને આપ્યો છે. બીજી તરફ ભારતે પણ અમેરિકા પાસેથી મળેલા આનપુટ પર તાત્કાલિક કાર્યવાહી કરતા તેનો સામનો કરવા માટે એક હાઈ-લેવલ તપાસ કમિટીનું ગઠન કર્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ આજે તેની જાણકારી આપી છે. છેલ્લા કેટલાક વર્ષોથી ભારત-અમેરિકા સુરક્ષાના મુદ્દે સાથે આવ્યા છે. અમેરિકી સરકાર તરફથી ગુનેગારોની સાંઠગાંઠના ઈનપુટ એવા સમયે આપવામાં આવ્યા જ્યારે ફાઈનાન્સિયલ ટાઈમ્સની રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, સીખ અલગાવવાદી ગુરુપતવંત સિંહ પન્નૂની અમેરિકી ધરતી પર હત્યાના ષડયંત્રને અમેરિકી અધિકારીઓએ નિષ્ફળ બનાવી દીધું. પન્નુ અમેરિકા અને ભારતમાં બેસીને ભારત વિરુદ્ધ અલગતાવાદી પ્રવૃત્તિઓને ઓપરેટ કરે છે.

### ઈનપુટ પર એક્શન લેવાની થઈ વાત



ગત અઠવાડિયે આવેલી ન્યૂઝ રિપોર્ટ પર ભારત દ્વારા પહેલી વખત જવાબ આપવામાં આવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે, ભારત-અમેરિકા સુરક્ષા સહયોગ પર તાજેતરની ચર્ચા દરમિયાન અમેરિકી અધિકારીઓએ સંગઠિત ગુનેગારો, હથિયારબંધ હુમલાખોરો, આતંકવાદીઓ અને અન્ય લોકો વચ્ચે સાંઠગાંઠ સાથે સબંધિત કેટલાક ઈનપુટ શેર કર્યા છે. આ ઈનપુટ બંને દેશો માટે ચિંતાનું કારણ છે અને બંને દેશોએ આ અંગે તાત્કાલિક પગલાં લેવાનો નિર્ણય કર્યો છે.

### 3 વર્ષમાં દરિયાકાંઠે 30 પ્રવાસન સ્થળોને જોડાશે

# ઉમરગામથી નારાયણ સરોવર સુધી 1630 કિમીનો કોસ્ટલ હાઈવે વિકસાવાશે

## 1630 કિલોમીટરનો હાઈવે તૈયાર કરવામાં આવશે

■ અમદાવાદ

ગુજરાતમાં દરિયાઈ પટ્ટીને સમાંતર ધોરીમાર્ગ (કોસ્ટલ હાઈવે) અને બેટ દ્વારકાના વિકાસના કારણે વિકાસની નવી ક્ષિતિજો ખૂલી છે. સામાન્ય રીતે શહેરોની વચ્ચેથી પસાર થતા ધોરીમાર્ગો પર વધુ ધ્યાન અપાતું હતું પરંતુ હવે સરકારે કોસ્ટલ હાઈવેને પણ વિકાસની ગતિનો પર્યાય માની વલસાડ જિલ્લાના ઉમરગામથી કચ્છના નારાયણ સરોવર સુધીના 1,630 કિમી. ના કોસ્ટલ હાઈવેના વિકાસ માટે રૂ. 2,400 કરોડથી વધુની જાહેરાત થોડા વખત પહેલાં કરી હતી. આ વિકાસ યોજના અંતર્ગત હાલ વલસાડ જિલ્લામાંથી પસાર થતાં 45 કિમી. પટ્ટામાં કામગીરી ચાલી રહી છે. મતલબ 10 ટકા કામગીરી થઈ છે. આ યોજનાથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનું અંતર ઘટશે તેવો દાવો અધિકારીઓ કરી રહ્યા છે. કોસ્ટલ હાઈવેની સાથે સાથે બેટ દ્વારકા ડેવલપમેન્ટ યોજનામાં પણ ગતિ આવી છે. નજીકના સમયમાં બેટ દ્વારકાને જોડતો સિગ્નેચર બ્રિજ ખુલ્લો મુકાશે. આમ અહીં વિકાસની હરણફાળના પગલે બેટ દ્વારકામાં જ્યાં બ્રિજ પહેલાં એકરના રૂ. 5 લાખનો ભાવ હતો તે હાલ વધીને રૂ. 1 કરોડને આંબી ગયો છે. હોટલ નિર્માણ કાર્ય શરૂ થયું છે અને આગામી દિવસોમાં અન્ય હોટલ્સના પાયા નખાય તેવી પણ શક્યતા છે.

## પીએમ ગતિ શક્તિ પ્રોજેક્ટ હેઠળ સરકારે મૂક્યો

ઉમરગામથી શરૂ થઈ નવસારી, સુરત, ભરૂચ, આણંદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી જિલ્લાને વીંધી નારાયણ સરોવરને જોડતા 1,600 કિમી. લાંબા કોસ્ટલ હાઈવેને 10 મીટર પહોળો કરવા તથા અપગ્રેડેશનની તબક્કાવાર કામગીરી માટે રૂ. 2,400 કરોડની મંજૂરી મળી હતી. રાજ્યમાં નવો 1,630 કિમી. લાંબો દરિયાઈ સમાંતર માર્ગ બનાવવાનો પ્રસ્તાવ પીએમ ગતિ શક્તિ પ્રોજેક્ટ હેઠળ સરકારે મૂક્યો હતો. આ લગભગ દેશનો સૌથી લાંબો કોસ્ટલ હાઈવે હશે. 1,630 કિમી.માંથી 140 કિમી.નો હાઈવે ગ્રીનફિલ્ડ કોસ્ટલ એરિયા તરીકે અને બાકીના 1,490 કિમીનો હાઈવે બ્રાઉનફિલ્ડ રોડ તરીકે વિકસાવાશે. અધિકારીઓના મતે 3 વર્ષમાં સમગ્ર પ્રોજેકટ પૂર્ણ થશે. આ પ્રોજેકટથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વચ્ચે અંતર ઘટી જશે.દરમિયાન રાજ્યમાં યાત્રાધામોના વિકાસના પગલે જેમ યાત્રાળુઓની સંખ્યામાં વધારો નોંધાયો છે તે રીતે તીર્થધામોમાં જમીન, મકાન, મિલકતના ભાવ પણ આસમાનને આંબી રહ્યા છે. જ્યાં દાયકાઓથી ગેરકાયદે દબાણો તણાયેલાં હતાં તે બેટ દ્વારકામાં તંત્ર દ્વારા થોડા વખત પહેલાં દબાણોનો સફાયો બોલાવી જમીન ખુલ્લી કરાઈ છે.



**દ.ગુજરાતના 4 જિલ્લામાંથી પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો** | કોસ્ટલ કોરિડોર પ્રોજેક્ટ ત્રણ ડ્રાઈવિંગ લેન સાથે ઓછામાં ઓછો 10 મીટર પહોળો હશે, જ્યારે હાલના રસ્તા 5 મીટરથી ઓછા પહોળા છે. આ કોરિડોર સાથે નિશ્ચિત વિસ્તાર બફર વિસ્તાર તરીકે આરક્ષિત રાખવામાં આવશે. જેથી ભવિષ્યમાં તેનો વિકાસ કરી શકાય. આ ખરેખર કોસ્ટલ કોરિડોર હશે.જેની શરૂઆત માટે દક્ષિણ ગુજરાતના ચાર જિલ્લાઓમાં (વલસાડ, નવસારી, સુરત,ભરૂચ) 30 કિમીનો વિસ્તાર નક્કી કરવામાં આવ્યો છે.

# સિંધુભવન રોડ ઉપર રૂ. 333 કરોડનો પ્લોટ સેલમાં

## પોશ વિસ્તારમાં પ્લોટ હોવા છતાં કોઈ ખરીદવા તૈયાર નથી

■ અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ટીપી સ્કીમના અમલીકરણ અંતર્ગત કોમર્શિયલ અને રેસિડેન્સીયલ હેતુથી વેચાણ માટે પ્લોટ મળતા હોય છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના સિંધુભવન રોડ અને એસજી હાઈવે સહિત કુલ 8 જગ્યાના પ્લોટની પ્રીમિયમ કમ બેઝિક પ્રાઈસ નક્કી કરી જાહેર હરાજીથી વેચાણ કરવા માટેની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. સિંધુ ભવન રોડ પર સૌથી મોંઘો રૂ. 333 કરોડનો પ્લોટ વેચાણ માટે મૂકવામાં આવ્યો છે. જો કે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભૂતકાળમાં જે પ્લોટ વેચાણ માટે કાઢવામાં આવ્યા હતા તે લેવા માટે એક પણ વ્યક્તિ કે કંપની તૈયાર થઈ નહોતી. ત્યારે હવે રૂ. 700 કરોડથી વધુના વિવિધ આઠ જેટલા પ્લોટને જાહેર હરાજી માટે મૂકવામાં આવશે તો તે લેવા માટે કોઈ તૈયાર થશે કે કેમ તેના ઉપર સવાલ ઉભા થયા છે.



## NEWS FILE

### જયસુખ પટેલની જામીન અરજી પર સુપ્રીમનો ઈનકાર



અમદાવાદઃ મોરબી બ્રિજ અકસ્માતના આરોપી જયસુખ પટેલની જામીન અરજી પર સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટે ઈનકાર કરી દીધો છે. કોર્ટે કહ્યું- અત્યારે નીચલી કોર્ટ અથવા હાઈકોર્ટમાંથી જામીન મેળવવાનો પ્રયાસ કરો. ગયા વર્ષે 30 ઓક્ટોબરના રોજ થયેલા આ અકસ્માતમાં કુલ 135 લોકોનાં મોત થયાં હતાં. જયસુખ પટેલ બ્રિજની જાળવણી કરતી કંપની ઓરેવાના એમડી છે. જયસુખ પટેલ વતી એડવોકેટ મુકુલ રોહતગી અને પીડિત પક્ષ વતી ઉત્કર્ષ દવે હાજર થયા હતા. હવે 12 ડિસેમ્બરે ગુજરાત હાઈકોર્ટ જયસુખ પટેલની જામીન અરજી પર નિર્ણય લે એવી શક્યતા છે.

### માવઠા બાદ શાકભાજીના ભાવમાં 25થી 30 ટકાનો વધારો

અમદાવાદઃ ગુજરાતમાં કમોસમી વરસાદના કારણે શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. માવઠાના કારણે શાકભાજીના પાકને ભારે નુકસાન પહોંચ્યું છે અને તેની સીધી અસર ભાવ પર પડી રહી છે. પાક નુકસાનીના કારણે APMCમાં શાકભાજીની આવકમાં 5000 ક્વિન્ટલની ઘટ થઈ છે અને છેલ્લા બે દિવસથી શાકભાજીના ભાવમાં 25થી 30 ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં કમોસમી વરસાદને કારણે શાકભાજીનો ઘણો ખરો પાક નાશ પામ્યો છે.

### અમદાવાદમાં 6 વર્ષ પછી સ્ટ્રીટ વેન્ડર પોલિસીનો અમલ થશે



અમદાવાદઃ શહેરમાં ટ્રાફિક સમસ્યા હળવી કરવા માટે તેમજ કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલી સ્ટ્રીટ વેન્ડર પોલિસી 2016નો અમલ કરવા માટે મ્યુનિ. દ્વારા પગલા લેવામાં આવ્યા છે જેમાં આગામી દિવસોમાં શહેરના વિવિધ 7 ઝોનમાં અલગ અલગ 13 સ્થળ જેમાં ચાંદલોડિયા, કાલુપુર, જોધપુર સહિત જેવા વિસ્તારમાં શાકમાર્કેટ બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે. આ માટે ટૂંકમાં મ્યુનિ. ટેન્ડર બહાર પાડશે. શહેરમાં લગભગ મોટાભાગના વિસ્તારમાં જાહેર રસ્તા પર લાગતી શાકભાજી વિક્રેતાઓની લારીઓને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોય છે.

# શું ભાજપના નેતાઓને જ રસ નથી? « PMની વિકસિત ભારત સંકલ્પ યાત્રાના વર્ચ્યુલ કાર્યક્રમની ફજેતી થઈ હોય તેવું લાગ્યું

## BJPના 10 ધારાસભ્ય અને 100થી વધુ કોર્પોરેટર્સ ગેરહાજર રહ્યા

■ અમદાવાદ

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓ નાગરિકો સુધી પહોંચે અને તેનો લાભ મેળવે, તેમજ તેના માટે જનજાગૃતિ ફેલાવવા વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું હતું. આજે શહેરના નવા વાડજ વિસ્તારમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલી હાજર રહ્યા હતા. વડાપ્રધાનનો કાર્યક્રમ હોવા છતાં પણ અમદાવાદ શહેરના 10 ધારાસભ્યો અને 100થી વધુ કોર્પોરેટરો ગેરહાજર રહ્યા હતા. વડાપ્રધાન કાર્યક્રમમાં વર્ચ્યુઅલી હાજર રહેવાના હોવા છતાં પણ ભાજપના નેતાઓ ગેરહાજર રહ્યાં હતા. ભાજપના કેટલાક નેતાઓમાં ચર્ચા ચાલી હતી કે, વડાપ્રધાનનો આટલો મોટો કાર્યક્રમ હોય, તેમ છતાં પણ જો ખાલી ભાજપના કોર્પોરેટરો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત હોત તો પણ લોકોની ભીડ દેખાત.

## અનેક કોર્પોરેટરોમાં નારાજગી હોવાની ચર્ચા, મોટાભાગની ખુરસીઓ ખાલીખમ રહી



સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જે રીતે તાજેતરમાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિવિધ કમિટીઓના ભાજપના ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનની નિમણૂક કરવામાં આવી હતી. જેમાં મોટાભાગના કોર્પોરેટરોમાં નારાજગી જોવા મળી છે. જે કોર્પોરેટરોને તક આપવાની જરૂરિયાત હતી અથવા જે કોર્પોરેટરો ડેપ્યુટી ચેરમેન અને ડેપ્યુટી ચેરમેન બની શકે તેને છેલ્લી ઘડીએ ચેરમેન બનાવવામાં આવ્યા નથી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં નાગરિકોની સંખ્યા પણ ખૂબ જ ઓછી જોવા મળી હતી. સવારે 10 વાગ્યાથી લઈ બપોરે 1 વાગ્યા સુધી આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટાભાગની ખુરસીઓ ખાલી જોવા મળી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી માટે કાર્યક્રમ હોવા છતાં પણ લોકો આ કાર્યક્રમમાં હાજર રહ્યા નહોતા.

# રાજકોટિયન ગર્લની 'ઉડાન'

## પિતાએ કહ્યું મુસાફર તરીકે પ્લેનમાં બેસું અને પાઈલટ મારી દીકરી હોય...

### હિલોની શેઠે પિતાનું નાનપણનું સપનું સાકાર કર્યું

■ રાજકોટ

રાજકોટની વધુ એક દીકરી પાઇલટ બની છે. નાનપણમાં પરિવાર સાથે વિમાનમાં મુસાફરી કરતા સમયે હિલોની શેઠ નામની દીકરીએ પાઈલટ બનવાનું સ્વપ્ન સેવ્યું હતું અને બે વર્ષની તાલીમના અંતે 200 કલાક ઉડાન પૂર્ણ કરી તેમણે પાઈલટ માટેનું લાઈસન્સ પ્રાપ્ત કર્યું છે. એટલું જ નહિ પરંતુ આ દીકરીએ રાજકોટ કે જે તેની જન્મભૂમિ કહેવાય એ જ જગ્યા પર પ્રથમ વખત વિમાન લેન્ડ કરી 200 કલાક પૂર્ણ કર્યા હતા. જેથી તેમની ખુશી અને આનંદ કંઈક અલગ જ જણાઈ રહ્યો છે. હવે આગામી 3 ડિસેમ્બરથી તે દુબઈ ખાતે એરબસની પણ તાલીમ મેળવશે.


**દીકરીએ પરિવારનું નામ રોશન કર્યું છે**

પિતા કેતનભાઈ શેઠે જણાવ્યું હતું કે, મારી દીકરી નાનપણથી જ પાઈલટ બનવાની ઈચ્છા ધરાવતી હતી. માટે તેને મેં દરેક જગ્યાએ જ્યાં મારી જરૂર હોય ત્યાં મદદ કરી. તેમની ઈચ્છા પૂર્ણ કરવા પ્રયત્ન કર્યા છે. આજે અમારા સમાજમાં દીકરીએ પરિવારનું નામ રોશન કર્યું છે, તેથી ખૂબ આનંદની લાગણી અનુભવી રહ્યા છીએ. હવે એ ક્ષણની હું રાહ જોઈ રહ્યો છું કે હું મુસાફર તરીકે પ્લેનમાં બેસું અને એ પ્લેનની પાઈલટ મારી દીકરી હોય.

**શક્ય હશે તો દેશ માટે સેવા કરીશ**

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મેં જ્યારે 200 કલાક પૂર્ણ કર્યા ત્યારે છેલ્લે મેં મારા વતન અને જન્મભૂમિ કહેવાય ત્યાં લેન્ડિંગ કર્યું હતું. આ ઉડાનની શરૂઆત મહેસાણાથી કરી હતી જેમાં મહેસાણાથી અમરેલી અને અમરેલીથી રાજકોટ લેન્ડિંગ કર્યું હતું. આગળ હવે હું આગામી 3 ડિસેમ્બરના રોજ એરબસ ટ્રેનિંગ માટે દુબઈ જવાની છું. દેશ માટે સેવા કરવાની દરેકની ઈચ્છા હોય.








## હરાજીમાં 20 કિલો જીરૂનો ભાવ રૂ. 9100 બોલાયો

### 1118 ખેડૂત આવતાં 43,411 મણ જણસની આવક થઈ

■ જામનગર

જામનગર માર્કેટીંગ યાર્ડમાં એક દિવસમાં 20190 મણ કપાસ ઠલવાયો હતો. હરાજીમાં 20 કીલો જીરૂનો ભાવ રૂ.9100 બોલાયો હતો. 1118 ખેડૂત આવતા 43411 મણ જણસની આવક થઇ હતી. જામનગર માર્કેટ યાર્ડમાં ગુરૂવારે બાજરીની 85, ઘઉંની 575, અડદની 360, તુવેરની 25, ચોળીની 33, ચણાની 378, અરેંડાની 545, તલની 328, રાયની 433, લસણની 15429, કપાસની 20190, જીરૂની 252, અજમાની 344, ધાણાની 1160, સૂકી ડુંગળીની 1418, સૂકા મરચાની 1187, સોયાબીનની 655 મણ આવક થઇ હતી. હરાજીમાં 20 કીલો બાજરીના રૂ. 350- 510, ઘઉંના રૂ. 498- 600, મગના રૂ. 1000- 1090, અડદના રૂ. 1400- 1920, તુવેરના રૂ. 1000- 2000, ચોળીના રૂ. 1500- 3000, વાલના રૂ. 2500- 3800 છે.



## NEWS FILE

### સુરત મનપાને દિવાળીમાં 40 લાખથી વધુની આવક થઈ



સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા પ્રાણી સંગ્રહાલયને દિવાળી વેકેશન ફળ્યું છે. 21 દિવસના દિવાળી વેકેશન દરમિયાન મોટા પ્રમાણમાં મુલાકાતીઓનો ધસારો જોવા મળ્યો હતો. 21 દિવસની અંદર 1 લાખ 47 હજાર જેટલા મુલાકાતીઓએ પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. જેમાં પ્રાણી સંગ્રહાલયને 40 લાખથી વધારે રૂપિયાની આવક થવા પામી છે. દિવાળી વેકેશનને લઈ સુરતમાં તમામ એકમોમાં રજા પાડી દેવામાં આવે છે. સુરતના લોકો મોટી સંખ્યામાં હરવા ફરવા માટે જતા હોય છે. ત્યારે વેકેશનનો સમય મનપા સંચાલિત પ્રાણી સંગ્રહાલયને ફળ્યો છે.

### સુરતની એથર કંપનીમાં લાગેલી આગમાં 7નાં મોત

સુરતઃ સુરતના સચિન જીઆઈડીસી વિસ્તારમાં આવેલી એથર ઈન્ડસ્ટ્રી કેમિકલ કંપનીમાં મંગળવારની મોડી રાત્રે ભયંકર બ્લાસ્ટ સાથે ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. આ ઘટનામાં મોડી રાત્રે કંપનીમાં કામ કરતા કામદારોની ચિચિયારીઓથી સમગ્ર વિસ્તાર ગુંજી ઊઠ્યો હતો. આ ઘટનામાં લાપતા થયેલા 7 કામદારોના આજરોજ કંકાલ મળી આવ્યા છે. તમામ મૃતદેહોને પી.એમ. માટે સિવિલ હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યા છે. આ દુર્ઘટનામાં 27 જેટલા કામદારો દાઝ્યા છે. જેમાંથી આઠથી વધુ કામદારો ગંભીર રીતે દાઝી ગયા છે.

### સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનમાં 4 વધારાનાં કોચ લાગશે




રાજકોટઃ રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા મુસાફરોની સુવિધા માટે પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનમાં 4 વધારાના કોચ કાયમી ધોરણે લગાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં પશ્ચિમ રેલવે પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનમાં કાયમી ધોરણે એક સેકન્ડ એસી, એક થર્ડ એસી અને બે સેકન્ડ સ્લીપર ક્લાસના વધારાના કોચ લગાવશે. ટ્રેન નંબર 19016/19015 પોરબંદર-દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં પોરબંદર સ્ટેશનથી તારીખ 1લી.થી અને દાદર સ્ટેશનથી 3જી ડિસેમ્બર 2023થી ઉપરોક્ત તમામ વધારાના કોચ લગાડવામાં આવશે.

## માલધારીઓને RMCનું અલ્ટીમેટમ

**« 31 ડિસેમ્બર સુધીમાં પશુઓનું રજિસ્ટ્રેશનનો આદેશ, રજિસ્ટ્રેશન વિનાના પશુઓ કબ્જે કરવામાં આવશે**

### ■ મનપાની મુદત 31 ડિસેમ્બરે પૂરી થઈ રહી છે

■ રાજકોટ

હાઈકોર્ટનાં આદેશ બાદ રખડતા ઢોર અંગે મનપા દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ માટેની નવી પોલીસી જાહેર કરાઈ ત્યારે 31 ડિસેમ્બર સુધીનો સમય માલધારીઓને પશુઓનાં રજિસ્ટ્રેશન માટે આપવામાં આવ્યો હતો. જોકે માલધારીઓ તેના પશુનું રજિસ્ટ્રેશન કરાવવામાં ઉદાસીન વલણ દાખવતા હોવાથી હજુ પણ ખૂબ ઓછા પશુઓનું રજિસ્ટ્રેશન થયું છે. જેને લઈને મનપાએ માલધારીઓને અલ્ટીમેટમ આપ્યું છે. 31 ડિસેમ્બર સુધીમાં તમામ પશુઓનું રજિસ્ટ્રેશન કરાવવા આદેશો આપ્યા છે. સાથે આગામી 1 જાન્યુઆરીથી રજિસ્ટ્રેશન વિનાના પશુઓ કબ્જે કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે. રાજકોટમાં રખડતા ઢોર પકડવા માટે 24 કલાક કામગીરી ચાલી રહી છે. હાઈકોર્ટનાં આદેશ અનુસાર પશુઓના રજિસ્ટ્રેશનની નવી પોલીસી જાહેર થઈ ત્યારે 2 મહિનાનો સમય માલધારીઓને આપવામાં આવ્યો હતો. આ મુદત આગામી 31 ડિસેમ્બરનાં રોજ પૂર્ણ થાય છે.

### અંતિમ ચેતવણી આપતી નોટીસ પ્રસિદ્ધ

**રાજકોટમાં હાલ 35 હજાર જેટલા પશુઓ છે**

ત્યારે આ મુદ્દત સુધીમાં માલધારીઓએ તેમના પશુઓનું રજિસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે. તેમજ 1 જાન્યુઆરીથી રજિસ્ટ્રેશન (RFID ટેગ) વિનાના બધા પશુઓને મનપા દ્વારા જપ્ત કરવામાં આવશે. રાજકોટમાં હાલ 35 હજાર જેટલા પશુઓ છે. જે પૈકી અત્યાર સુધી 8500 પશુઓને ટેગીંગ અને 6 હજારમાં ચીપ લગાડવાની કામગીરી કરવામાં આવી છે. હાઈકોર્ટનાં આદેશ અનુસાર પશુઓના રજિસ્ટ્રેશનની નવી પોલીસી જાહેર થઈ ત્યારે 2 મહિનાનો સમય માલધારીઓને આપવામાં આવ્યો હતો.

મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે અગાઉ જણાવ્યા મુજબ, રાજકોટમાં પશુઓની નોંધણી, ટેગીંગ, લાયસન્સ જેવી કામગીરી માટે ઢોર માલિકોને અંતિમ તક છે. તા.15 કે 17ના રોજ પશુ માલિકોને અંતિમ ચેતવણી આપતી નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવશે. તે બાદ લાયસન્સ વગરના ઢોર શહેરમાં રહેવા દેવામાં આવશે નહીં. આવા પશુ પકડાય તો છોડવામાં પણ નહીં આવે. જોકે માલધારીઓને સુવિધા મળે તેવા પ્રયાસ મનપા દ્વારા કરાઈ રહ્યાં છે. આ માટે કોઠારીયામાં વધુ એક એનિમલ હોસ્ટેલ બનાવવા માટે કલેક્ટર તંત્ર પાસે જમીન માંગવામાં આવી છે.

# સાવ નાનકડી વાત પણ ક્યારેક બહુ ઉપયોગી બનતી હોય છે



## ઋણાનુબંધ

ભાવના પટેલ

**નવલકથા - પ્રકરણ - ૯**

સાવ નાનકડી વાત પણ ક્યારેક બહુ ઉપયોગી બનતી હોય છે.એટલે કોઈ નાની વાત પણ ધ્યાનબહાર ના રહી જાય એના માટે એણે પોતાની ડાયરીમાં બધું યથોતથ લખવા માંડયું. એમની નોંધ કંઈક આ પ્રમાણે બની હતી.

સાડા ચારે કાર્યક્રમ પત્યો. બીજા દિવસથી દિવાળી વેકેશન પડવાનું હતું,તેથી શિક્ષકોને પણ જવાની જલ્દી નહોતી.બધા અંદરોઅંદર હસી-ખુશીથી વાતો કરી રહ્યા હતા.

એક પછી એક રિક્ષાવાળા આવતા ગયા ને દરેકને બાળકો સોંપાતા ગયાં.રોજ પહેલી દોડીને આવતી શુભા ના દેખાઈ એટલે દીપકભાઈએ એની ટીચરને પૂછ્યું.

ટીચરે કહ્યું કે, હશે આટલામાં જ હમણાં આવી જશે. દીપકભાઈની રિક્ષામાં આવનાર બધા જ બાળકો આવી ગયાં તોયે શુભા ના આવી એટલે દીપકભાઈએ ટીચરને ફરી પૂછ્યું,ત્યારે પાંચ વાગેલા.

એની ટીચરે શુભાની શોધખોળ કરી. દરેક ક્લાસરૂમ, બાથરૂમ, બધે જ જોઈ વળતાં બીજી પંદર મિનિટ થઇ.

શુભા ક્યાંય ના દેખાઈ એટલે હવે ટીચર ગભરાઈ અને એણે આચાર્યાને બધી વાતથી વાકેફ કર્યો.ફરી એકવાર બધી જ જગ્યાએ શુભાની તપાસ કરવામાં આવી. આ બધા કમઠાણમાં પોણા છ વાગી ગયાં. હવે, આચાર્યાના મગજમાં ખતરાની ઘંટડી વાગવા લાગી.

તેણે ચોકીદારને બોલાવ્યો ને પૂછ્યું 'તે શુભાને બહાર જતાં જોઈ? કોઈની સાથે કે એકલી?'

ચોકીદાર એ ના પાડી, એટલે આચાર્યાએ જરા કડકાઈથી પૂછ્યું કે, તું તારી જગ્યા પર જ હતો કે જગ્યા છોડીને ક્યાંય ગયો હતો? એ સાંભળીને ચોકીદારને ફટાકડાવાળી વાત યાદ આવી, તેણે બધી જ વાત આચાર્યાને કરી. ફટાકડા વાળી વાતથી આચાર્યાના મગજમાં સંશય પેદા થયો, કારણ કે સ્કૂલમાં કોઈ આવી રીતે ફટાકડા ફોડે નહીં. હવે રાહ જોઈ શકાય નહીં.એમણે તરત જ પોલીસને ફોન કર્યો. ત્યારે સાંજના છ વાગ્યા હતાં.બીજો ફોન શુભાના ઘરે લગાવ્યો, પરંતુ ત્યાં ફોન સતત એંગેજ આવતો હતો. કારણ કે ત્યારે રૂખીબહેન અખિલના દરેક ભાઈબંધની ઘરે ફોન કરી રહ્યાં હતાં.

પોલીસ અને લક્ષ્મીપ્રસાદ લગભગ સાથે જ આવ્યાં. ઈન્સ્પેક્ટરને પણ આખી વાત સમજતાં અડધો કલાક થયો. શુભાની શાળામાં ત્રણ વાગ્યા સુધીની હાજરી તો હતી જ. જ્યારે શુભા સ્ટેજ પર પર્ફોર્મ કરી રહી હતી ત્યારે ત્રણ વાગેલા, એવું અનેક ટીચરે કહ્યું. ત્યાર પછી શું થયું એની કોઈને ખબર નહોતી.તેથી રિક્ષાવાળા દીપકભાઈને રવાના કરવામાં આવ્યા કારણ કે એણે તો શુભાને સ્કૂલમાં ટીચરને સોંપી દીધી હતી. તેથી આમાં એમનો કોઈ જ રોલ નહોતો. વળી બીજા છોકરાઓને પણ ઘરે સમયસર પહોંચાડવા જરૂરી હતા.

ત્યાં એક મોટી ઉંમરના ભાઈ એક પંદરેક વર્ષના છોકરાને લઈને આચાર્યાની રૂમમાં આવ્યા ને ઈન્સ્પેક્ટરને ઉદ્દેશીને બોલ્યા, 'સાહેબ, આ મારા દીકરાનો દીકરો છે. હામેની સોસાયટીમાં જ મારું ઘર છે. તમે એની વાત હાંભળો, કદાચ તમને મદદરૂપ થાય.' ને પછી એના છોકરાને ઉદ્દેશીને કહ્યું 'લ્યાં તું કેતો'તોને ઈ હંધુય સાહેબને કહી દે.'

એ છોકરો પોપટની જેમ બોલવા માંડ્યો 'અમે હંધાય હું ને મારા ભાઈબંધુ ક્રિકેટ રમતા'તા. એવામાં એક ભાઈને કોક છોકરીને તેડીને દોડતાં ગાડીમાં બેહતા મે જોયા. એણે એટલી સ્પીડમાં ગાડીને રિવર્સમાં લીધી કે મને થ્યું કે આ નક્કી મારા સ્ટમ્પલા તોડી નાખશે. એટલે હું દોડીને મારા સ્ટમ્પલાને લેવાં



દોયડો, ને રાયડ પાડી કે ઉભા રયો હું લઈ લઉં. પણ ઈણે તો એટલી રાહેય ના જોઈને, મારા સ્ટમ્પલાને ઉડાળીને વયા ગ્યાં. મારા સ્ટમ્પલાય તોડી નાયખાં.

હું ને મારા ભાઈબંધુ ગુસ્સે થ્યાં, પણ હવે સ્ટંપલા વગર રમવું કેમનું? એટલે થોડીવાર ગપાટા મારી હૌ-હૌની ઘરે ગ્યાં.હું ઘરે ગ્યો તંયે મારી બા ને દાદી વાતો કરતાં'તા કે નિશાળમાંથી કોક છોકરીને ઉપાડી ગ્યું છ. ચોકીદાર વાતુ કરતો'તો.

એટલે મેં દાદાને હંધીય વાત કયરી, તો દાદા મને આયાં લયાયવાં.' ઈન્સ્પેક્ટર ઊભા થઈ ગયા ને તરત જ કહ્યું 'શાબાશ બેટા. તે એ માણસનું મોઢું જોયું હતું?'

'હા સાયબ, હું સ્ટમ્પલા લેવા દોયડો ને તંયે મારી હાવ પાહેથી જ નીકરેલા. આખું મોઢું નથ જોયું, કારણકે ઈણે માથે કાનટોપી પેયરીતી.'

'તોયે તું કંઈક વર્ણન તો એનું કરી શકીશ ને?' ઈન્સ્પેક્ટરે ઉત્સાહથી કહ્યું ને જવાબ પણ સાંભળ્યા વગર પોલીસ સ્ટેશને ફોન કરીને સ્કેચ દોરવાવાળા ને કોન્ટેક્ટ કરીને ફટાફટ અહીં સ્કૂલમાં મોકલવાનું કહ્યું. લક્ષ્મીપ્રસાદ ટીચરો પર,આચાર્યા પર ગુસ્સે થઈ રહ્યા હતાં, આટલી બેદરકારી? કોઈ આ રીતે એક આટલીક નાની છોકરીને લઈ જાયને તમને લોકોને એની ખબર પણ ના પડે!

સ્કેચ કરવાવાળા ભાઈ આવી ગયા ને છોકરો કહેતો ગયો એમ એ સ્કેચ કરતા ગયા. **ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services
durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

દિવસની શરૂઆતમાં થોડી સમસ્યા રહેશે પરંતુ તેનો ઉકેલ પણ જલ્દી મળી જશે. કોઈ સારા સમાચાર મળ્યા પછી, તમે તમારી અંદર અદ્ભુત આત્મવિશ્વાસ અનુભવશો. અને પોતાના કાર્યો યોગ્ય રીતે કરી શકશે. વ્યવસ્થિત દિનચર્યા બનાવો. વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસમાં યોગ્ય ધ્યાન આપવું જોઈએ.

### વૃષભ



(બ.વ.ઉ)

તમને પ્રભાવશાળી લોકોને મળવાની તક મળશે અને સારી માહિતી પણ મળશે, તેથી તમારા મહત્વપૂર્ણ કામ પર વિશેષ ધ્યાન આપો. કોઈપણ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં તમને તમારા ભાઈઓ તરફથી સહયોગ મળશે. બપોર પછી થોડી મૂંઝવણ જેવી સ્થિતિ રહેશે. એવું લાગશે કે પરિસ્થિતિ હાથમાંથી નીકળી રહી છે.

### મિથુન



(ક.છ.ઘ)

વ્યવહારિક અભિગમ રાખો. લાગણીઓમાં વહી જવાને બદલે કુનેહ અને સમજદારીથી કામ કરવાથી સંજોગો તમારા પક્ષમાં રહેશે. કોઈપણ અટવાયેલા અથવા પેન્ડિંગ નાણાંનું રિફંડ પણ શક્ય છે. સાર્વજનિક સ્થાન પર કોઈ પણ મુદ્દા પર પ્રતિક્રિયા આપતા પહેલા ચોક્કસથી વિચારજો. ઉતાવળ-ગુસ્સો પરિસ્થિતિને વધુ ખરાબ કરી શકે છે.

### કર્ક



(ડ.હ)

તમે દિવસભર કેટલાક ખાસ કાર્યોમાં તમારી જાતને વ્યસ્ત રાખશો. થોડાક સમય માટે ચાલી રહેલા પ્રયત્નો સકારાત્મક પરિણામ આપશે. શેર કે કોઈ પોલિસી વગેરેમાં રોકાણ કરવું ફાયદાકારક રહેશે. વિદ્યાર્થીઓનું ધ્યાન હવે અભ્યાસ પર કેન્દ્રિત થઈ રહ્યું છે. સંબંધોને જાળવી રાખવા માટે તેમની સાથે થોડો સમય પસાર કરવો જરૂરી છે.

### સિંહ



(મ.ટ)

દિવસ આનંદદાયક પસાર થશે. તમે તમારી પ્રતિભાના આધારે એક અલગ ઓળખ બનાવવામાં પણ સફળ રહેશો. તમારે કેટલાક ખર્ચાઓ અને પડકારોનો સામનો કરવો પડશે, પરંતુ તમે તેમને પણ ઉકેલી શકશો. કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં લાગણીઓમાં વહી ન જવાનું ધ્યાન રાખો. આ પરિસ્થિતિને બગડી શકે છે.

### કન્યા



(પ.ઠ.ણ)

જો કોઈ સંબંધી સાથે કોઈ ગેરસમજ ચાલી રહી છે તો તેને ઉકેલવા માટે આજનો સમય સાનુકૂળ છે અને આ કાર્યમાં વરિષ્ઠ લોકોનો પણ સહયોગ મળશે. આજે કોઈ ખાસ વ્યક્તિ સાથે લાભદાયી સંપર્ક થઈ શકે છે. તમે કોઈની વાતથી પ્રભાવિત થઈને પોતાને નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને પ્રાધાન્ય આપવું વધુ સારું રહેશે.

### તુલા



(ર.ત)

ગ્રહોની સ્થિતિ અને ભાગ્ય તમારો પૂરો સાથ આપી રહ્યા છે. તમારા સંપર્કો અથવા મીડિયામાંથી વધુ વ્યક્તિગત અને વ્યવસાયિક માહિતી મેળવો. ઘરની શોભા વધારવા નવી વસ્તુઓ ખરીદવાનું આયોજન કરવામાં આવશે. તમારા નિર્ણયોને પ્રાથમિકતા પર રાખો-તમારી કાર્યશૈલી કારણ કે કોઈની ખોટી સલાહ તમને મૂંઝવી શકે છે.

### વૃશ્ચિક



(ન.ય)

તમને કોઈ ખાસ સિદ્ધિ મળવાની છે. આ સમયે, તમને તમારી મહેનત મુજબ યોગ્ય પરિણામ મળશે, પરંતુ સફળતા પ્રાપ્ત કરવા માટે તમારે કાર્યલક્ષી બનવું પડશે. તમારી ઉર્જાનો ભરપૂર ઉપયોગ કરો. ભાવનાઓના કારણે કોઈ નિર્ણય ન લો. કોઈ ખાસ વસ્તુ ખોવાઈ જવાની કે ચોરાઈ જવાની સંભાવના છે.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

સામાજિક અને સમિતિ સંબંધિત પ્રવૃત્તિઓમાં યોગદાન આપવાથી તમારા સંપર્કોનું વર્તુળ વધશે. અને પ્રભાવશાળી લોકો પાસેથી પણ નવી માહિતી પ્રાપ્ત થશે. તમે ભાવનાત્મક રીતે સશક્ત અનુભવ કરશો. કોઈપણ નિર્ણય સમજી વિચારીને જ લો. કારણ કે ઉતાવળમાં લીધેલા નિર્ણયો બદલવા પડી શકે છે.

### મકર



(ખ.જ)

આર્થિક દૃષ્ટિએ સમય અનુકૂળ છે. આજે ઉધાર આપેલ કોઈપણ પૈસા માંગણી કરીને પરત કરી શકાય છે. સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓથી થોડું અંતર રાખો. સમય વેડફવા સિવાય બીજું કશું પ્રાપ્ત થશે નહીં. અજાણ્યા લોકો સાથેના વ્યવહારમાં સાવધાની રાખવાની જરૂર છે. નિર્ણય લેતા પહેલા કોઈ અનુભવી વ્યક્તિની સલાહ ચોક્કસ લેવી.

### કુંભ



(ગ.સ.શ.ષ)

તમને એ ખાસ કામમાં સફળતા મળશે જેના પર તમારા પ્રયાસો છેલ્લા કેટલાક સમયથી ચાલી રહ્યા હતા અને તમને સામાજિક સ્તર પર એક નવી ઓળખ પણ મળશે કેટલાક વાદ-વિવાદને કારણે સ્થિતિ ઊભી થઈ રહી છે, પરંતુ ગભરાવાની જગ્યાએ શાંતિથી તેનો ઉકેલ લાવો. તમારી સિદ્ધિઓને વધુ પડતી બતાવશો નહીં.

### મીન



(દ.ચ.ઝ.થ)

જો પૈસા ક્યાંક અટવાયેલા છે તો તેને શોધવા માટે અનુકૂળ સમય છે, તમને સફળતા મળશે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી મહેનતનું સાનુકૂળ પરિણામ મળશે. સમાજમાં તમારી ક્ષમતાઓની પ્રશંસા થશે. કોઈને અણગમતી સલાહ ન આપો અને બીજાની અંગત બાબતોમાં દખલ ન કરો. તે તમારી બદનામીનું કારણ પણ બની શકે છે.

### આલિયા ભટ્ટ અને દીપિકા પાદુકોણ બોલીવુડની ટોચની અભિનેત્રી છે

# પોપ્યુલર સ્ટારની લિસ્ટમાં કિંગ ખાન પ્રથમ ટોપ 10માં આ અભિનેત્રીઓને મળ્યું સ્થાન

## દીપિકા અને આલિયા બોલીવુડનું જાણીતું નામ છે

■ નવી મુંબઈ

બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાનનું નામ અને ખ્યાતિ દુનિયાભરમાં છે. વિદેશમાં પણ શાહરૂખના કરોડો ચાહકો છે. આ વર્ષે તેણે તેની બે બ્લોકબસ્ટર ફિલ્મો પઠાણ અને જવાન આપી છે. આ ફિલ્મોએ કિંગ ખાનના સ્ટારડમમાં દસ ગણો વધારો કર્યો છે. આ કારણે ઈન્ટરનેટ મૂવી ડેટાબેઝ (IMDb)ની તાજેતરની યાદીમાં શાહરૂખ ખાન ટોચ પર છે. મળતી માહિતી પ્રમાણે IMDb દ્વારા આ વર્ષના ટોચના ભારતીય સ્ટાર્સની યાદી જાહેર કરવામાં આવી છે. આ લિસ્ટમાં કિંગ ખાન આ વર્ષના ટોચના ભારતીય અભિનેતા બની ગયા છે.

આ યાદીમાં શાહરૂખ ખાન નંબર 1 પર છે તો દીપિકા પાદુકોણ અને આલિયા ભટ્ટે પણ ટોપ 3માં પોતાનું સ્થાન બનાવી લીધું છે. આ લિસ્ટમાં આલિયા ભટ્ટ બીજા નંબર પર છે. અભિનેત્રીએ આ વર્ષે બે ફિલ્મો કરી, જેમાંથી એક કરણ જોહરની રોકી ઔર રાની કી પ્રેમ કહાની હતી. અભિનેત્રી હોલીવુડની હાર્ટ ઓફ સ્ટોનમાં પણ જોવા મળી હતી.



### શાહરૂખ ખાન આ વર્ષનો ટોપ સ્ટાર બન્યો

2023 માં બોલિવૂડના બાદશાહે બે મુખ્ય બ્લોકબસ્ટર, જવાન અને પઠાણ આપી છે. જે વિશ્વભરમાં બીજા અને ત્રીજા નંબરની સૌથી મોટી હિન્દી ફિલ્મો છે. આ બંને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર કમાણી કરી હતી. આ ફિલ્મ પણ દર્શકોને ખૂબ પસંદ આવી હતી. આ ફિલ્મે ઘણા રેકોર્ડ તોડ્યા અને હવે તેનો ફાયદો કિંગ ખાનને પણ મળ્યો છે. શાહરૂખ ખાન આ વર્ષનો ટોપ એક્ટર બની ગયો છે. શાહરૂખની બંને ફિલ્મોએ 1000 કરોડનો બિઝનેસ કર્યો હતો. આ સિવાય હવે શાહરૂખ ખાનની બીજી મોટી ફિલ્મ ડંકી પણ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે.





### NEWS FILE

## અંદાઝ ફિલ્મના 20 વર્ષ બાદ હવે ભાગ બેનું એલાન કરાયું



### બીજા ભાગમાં અક્ષય કુમાર, પ્રિયંકા- લારા દત્તાની જગ્યાએ ત્રણ નવા કલાકારો જોવા મળશે

મુંબઈ : અક્ષય કુમાર, પ્રિયંકા ચોપરા તથા લારા દત્તાની ‘અંદાઝ’ ફિલ્મનો હવે બીજો ભાગ બનાવવાની જાહેરાત થઈ છે. આ ફિલ્મ ૨૦૦૩માં રીલીઝ થઈ હતી અને પ્રિયંકા તથા લારા માટે લોન્ચિંગ પેડ સમાન બની હતી. પ્રિયંકા તથા અક્ષયની સફળ જોડી પણ આ ફિલ્મથી જ બની હતી. જોકે, હવે આ ત્રણેયના સ્થાને નવા કલાકારો સાથે બીજો ભાગ બનાવાશે. ફિલ્મ સર્જક સુનીલ દર્શને ભાગ બે બનાવવાની જાહેરાત કરતાં કહ્યું હતું કે ફિલ્મનું નિર્માણ અને દિગ્દર્શન પોતે જ કરશે. ગીતો ગીતકાર સમીર લખવાના છે. મુખ્ય ભૂમિકાઓમાં નવી પ્રતિભાઓને સ્થાન અપાશે. તેમાં આ ત્રિપુટીનો કેમિયો હશે કે નહીં તે પ્રશ્ન પર પણ તેણે ગુસ્સે થતાં જણાવ્યું હતું કે, મારી ફિલ્મ કોઈ નોટંકી નથી, પરંતુ એક સબજેક્ટ છે જેમાં પાત્રોની પોતાની ખાસ જગ્યા છે. હાલ કાસ્ટિંગની પ્રક્રિયા ચાલી રહી છે. ૨૦૦૩ની ‘અંદાઝ’ તેના ત્રણેય મુખ્ય કલાકારો પ્રિયંકા, અક્ષય કુમાર તથા લારા દત્તા માટે માઈલ સ્ટોન સમાન નીવડી હતી. આ ત્રણમાંથી હાલ માત્ર અક્ષય કુમાર હાલ બોલીવૂડમાં સંપૂર્ણ સક્રિય છે.

# અમિતાભ બચ્ચને દીકરીને 50 કરોડની ગિફ્ટ આપી

## પ્રતીક્ષા બંગલો દીકરી શ્વેતા નંદાના નામે કર્યો

■ મુંબઈ



અમિતાભ અને જયા બચ્ચને જુહુનો બંગલો ‘પ્રતીક્ષા’ તેમની પુત્રી શ્વેતા નંદાના નામ પર કરી દીધો છે, જોકે પરિવાર તરફથી આ અંગે કંઈ કહેવામાં આવ્યું નથી. પ્રાપ્ત માહિતી અનુસાર, જ્યારે 16,840 સ્ક્વેર ફૂટમાં બનેલો બંગલો શ્વેતાના નામે ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો, ત્યારે એની કિંમત 50.63 કરોડ રૂપિયા બતાવવામાં આવી હતી. આ માટે 9મી નવેમ્બરે 50.65 લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટી ચૂકવવામાં આવી હતી. આ બંગલો બે પ્લોટ પર બનેલો છે. અમિતાભના નામે 9,585 સ્ક્વેર ફૂટ અને પત્ની જયાના નામે 7,250 સ્ક્વેર ફૂટનો પ્લોટ હતો. મુંબઈમાં અમિતાભના ત્રણ બંગલા છે. તે પોતાના પરિવાર સાથે જુહુના બીજા બંગલામાં ‘જલસા’માં રહે છે, જ્યારે ત્રીજા બંગલાનું નામ ‘જનક’ છે. અમિતાભ બચ્ચન પાસે મુંબઈમાં પાંચ બંગલા છે. તેમના 4 બંગલાના નામ જલસા, જનક, પ્રતીક્ષા અને વત્સ છે. આ બંગલાની કિંમત લગભગ 50.63 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. તેમના બીજા બંગલા ‘પ્રતિક્ષા’ની કિંમત 50 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

# રશ્મિકા મંદાના વિજય દેવરકોડા રિલેશનમાં

## દિગ્દર્શક સંદીપ વાંગાના ઘરની ટેરેસ પર મળ્યા

■ મુંબઈ



રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા ડેટિંગ કરી રહ્યા હોવાની અફવા છે. હાલમાં રણબીર કપૂર, રશ્મિકા મંદાના અને દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગા ફિલ્મ એનિમલના પ્રચારમાં વ્યસ્ત છે. તેવામાં રણબીર કપૂરે રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાના સંબંધોની પુષ્ટિ કરી છે. એકચેટ શો દરમિયાન રણબીરે જણાવ્યું હતું કે, રશ્મિકા અને વિજયની મુલાકાત સંદીપના ઘરની ટેરેસ પર થઇ હતી. ફિલ્મ અર્જુન રેડ્ડીની સફળતાની પાર્ટી દરમિયાન બન્ને મળ્યા હતા. આ સાંભળીને રશ્મિકા અવાક થઇ ગઇ હતી અને તેણે રણબીરને ટોંકતા કહ્યુ હતું કે,આટલી બધી માહિતી આપવાની જરૂર નથી. આ ચેટ શો દરમિયાન વિજયને કોલ કરવામાં આવ્યો હતો પરંતુ તેણે ત્યારે ઉત્તર આપ્યો નહોતો. આ પછી રણબીરે સંદીપને કહ્યુંહતુ કે, તારા નહીં રશ્મિકાના મોબાઈલથી ફોન કરીશ તો વિજય ઉપાડશે. તેમ છતાં વિજયે જવાબ આપ્યો નહોતો.થોડી વાર પછી વિજયનો સામેથી રશ્મિકાના મોબાઈલ પર ફોન આવ્યો હતો.

## જ્યોર્જિયાએ અરબાઝ સાથેના બ્રેકઅપને કન્ફર્મેશન આપ્યું



નવી દિલ્લીઃ જ્યોર્જિયા એન્ડ્રિયાનીએ તાજેતરમાં અરબાઝ ખાન સાથેના તેના બ્રેકઅપની પુષ્ટિ કરી છે. તેણે જણાવ્યું કે થોડા સમય પહેલા બંનેએ પરસ્પર સહમતિથી અલગ થવાનો નિર્ણય લીધો હતો, પરંતુ બંને આ વાતથી દુખી પણ હતા. તે જ સમયે, તેઓ હજી પણ મિત્રો છે. જ્યોર્જિયા કહે છે કે બ્રેકઅપ બાદ તે પોતાની આઝાદીનો આનંદ માણી રહી છે. એવી અફવા હતી કે મલાઈકા અરોરા તેમના બ્રેકઅપનું કારણ છે. જોકે, જ્યોર્જિયાએ પણ આ વાતને નકારી કાઢી છે. તેણે કહ્યું છે કે મલાઈકાના કારણે તેના સંબંધો પર ક્યારેય અસર થઈ નથી. ઈન્ટરવ્યુમાં જ્યોર્જિયાએ ખુલાસો કર્યો છે કે તેનું અને અરબાઝ ખાનનું બ્રેકઅપ થઈ ગયું છે.

# સલમાનની આગામી ફિલ્મ કરન જોહર કરશે પ્રોડ્યુસ « કિક-2, દબંગ-2 ફિલ્મ આવશે

## પેરામિલિટરી ઓફિસરના રોલમાં જોવા મળશે ભાઈજાન

■ મુંબઈ

સલમાન ખાનની આગામી ફિલ્મ ‘ધ બુલ’ કરન જોહરના પ્રોડક્શન હાઉસના બેનર હેઠળ બનશે. નિર્દેશક વિષ્ણુ વર્ધન આ ફિલ્મનું નિર્દેશન કરશે. આ બીજી વખત છે જ્યારે સલમાન અને કરન એકસાથે કામ કરશે. આ પહેલા સલમાન તેની ફિલ્મ ‘કુછ કુછ હોતા હૈ’માં જોવા મળ્યો હતો. જોકે આ ફિલ્મમાં તેનો સ્ક્રીન ટાઈમ ઓછો હતો.’કિક 2’ અને ‘દબંગ 2’ ના નામ પણ આગામી પ્રોજેક્ટ્સમાં સામેલ છે.

સલમાન ડાયરેક્ટર સૂરજ બડજાત્યાની ‘ફેમિલી એન્ટરટેઈનર’ ફિલ્મમાં પણ જોવા મળશે. સલમાન ‘ધ બુલ’ ફિલ્મમાં અર્ધલશ્કરી દળના અધિકારીની ભૂમિકામાં જોવા મળશે, જેની તૈયારી માટે તેણે વજન ઘટાડવાનું શરૂ કરી દીધું છે. ફિલ્મના પહેલા શેડ્યૂલનું શૂટિંગ નવેમ્બરના છેલ્લા મહિનામાં શરૂ થઈ શકે છે. સલમાને પોતે એક ઈન્ટરવ્યૂમાં આ વાતનો ખુલાસો કર્યો છે. જેના માટે તેણે વજન ઘટાડવું પડશે. તેણે આ અંગે કામ પણ શરૂ કરી દીધું છે.

### દિગ્દર્શક વિષ્ણુ વર્ધન રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા છે



ફિલ્મ ‘શેરશાહ’ના દિગ્દર્શક વિષ્ણુ વર્ધનની પ્રથમ નિર્દેશિત ફિલ્મ હતી. આ ફિલ્મ માટે તેમને આ વર્ષે નેશનલ એવોર્ડના ‘સ્પેશિયલ જ્યુરી એવોર્ડ’થી સન્માનિત કરવામાં આવ્યા છે. એવોર્ડ પ્રાપ્ત કર્યા પછી, વિષ્ણુ વર્ધને પીટીઆઈ સાથેની વાતચીતમાં પુષ્ટિ કરી હતી કે, તેઓ તેમના આગામી પ્રોજેક્ટ પર કરન જોહર સાથે કામ કરી રહ્યા છે. તેણે કહ્યું હતું, ‘મને ગર્વ છે. તે એક સન્માન છે. મેં હમણાં જ એક પ્રાદેશિક ફિલ્મનું શૂટિંગ પૂરું કર્યું છે અને હવે મારે મારો આગામી પ્રોજેક્ટ કરવાનો છે, જે કરન જોહર સાથે છે’. પિંકવિલાના રિપોર્ટ અનુસાર, સલમાન આ ફિલ્મમાં અર્ધલશ્કરી દળના અધિકારીની ભૂમિકામાં જોવા મળશે. આ માટે તેણે તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. ફિલ્મમાં તેનો ખાસ લુક છે, જેના માટે તેણે વજન ઘટાડવું પડશે. તેણે આ અંગે કામ પણ શરૂ કરી દીધું છે.



# ભારતીય ટીમના ફાસ્ટ બોલર મુકેશ કુમારે કર્યા લગ્ન, દુલ્હા-દુલ્હનની પહેલી તસવીર સામે આવી

## મુકેશ કુમાર બિહારના ગોપાલગંજનો રહેવાસી છે

નવી દિલ્લીઃ ભારતીય ટીમના ફાસ્ટ બોલર મુકેશ કુમાર લગ્નના બંધનમાં બંધાઈ ગયો છે. મુકેશે ગઈકાલે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી T20I મેચથી લગ્ન માટે રજા લીધી હતી. મુકેશ કુમારના લગ્નની તસવીરો પણ સોશ્યલ મીડિયા પર આવી ચુકી છે. IPL ફ્રેન્ચાઈઝી દિલ્હી કેપિટલ્સે મુકેશ કુમારને અભિનંદન આપતા લગ્નની તસવીર શેર કરી છે. મુકેશ અને તેની પત્ની આ તસવીરમાં ખુબ જ શાનદાર દેખાઈ રહ્યા છે. મુકેશ કુમારની પત્નીનું નામ દિવ્યા છે. મુકેશ કુમાર ગોપાલગંજનો રહેવાસી છે અને તેણે લગ્ન ગોરખપુરમાં કર્યા હતા. સોશ્યલ મીડિયા પર લગ્નનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં મુકેશ વરરાજાના રૂપમાં જતો જોવા મળી રહ્યો છે. આ દરમિયાન તેણે શેરવાની પહેરી છે. જણાવી દઈએ કે મુકેશ કુમાર ઓસ્ટ્રેલિયા સામે રમાઈ રહેલી 5 મેચોની T20 સિરીઝમાં ભારતીય ટીમનો ભાગ છે પરંતુ તેણે ત્રીજી T20Iમાં BCCI પાસેથી લગ્ન માટે રજા માંગી હતી.

### સાઉથ આફ્રિકા પ્રવાસ પર ભારતની ત્રણ ટીમના ત્રણ કેપ્ટન

# સૂર્યકુમાર યાદવ T20, લોકેશ રાહુલ વન-ડે અને રોહિત શર્મા ટેસ્ટ ટીમનો કેપ્ટન રહેશે

■ નવી દિલ્લી

સાઉથ આફ્રિકા પ્રવાસ માટે ત્રણેય ફોર્મેટમાં ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. દરેક ફોર્મેટમાં અલગ-અલગ કેપ્ટન ટીમની કમાન સંભાળશે. સૂર્યકુમાર યાદવ ટી-20માં, કેએલ રાહુલ વનડેમાં અને રોહિત શર્મા ટેસ્ટમાં કેપ્ટનશિપ કરશે. માનવામાં આવી રહ્યું હતું કે રોહિત શર્માને ટT20 ટીમની કેપ્ટનશિપ પણ આપવામાં આવશે. જો કે, રોહિતે પોતાને T20 અને ODI બંને ટીમથી દૂર રાખ્યો છે. વિરાટ કોહલી પણ આ બંને શ્રેણીમાં નહીં રમે. 10 ડિસેમ્બરથી શરૂ થઈ રહેલા આ ટૂરમાં ટીમ ઈન્ડિયાએ 3 T20, 3 ODI અને 2 ટેસ્ટ મેચની શ્રેણી રમવાની છે. ટીમ 6 ડિસેમ્બરે આ ટૂર માટે રવાના થશે. અનુભવી બેટર વિરાટ કોહલીને ટૂરની T20 અને ODI શ્રેણી માટે આરામ આપવામાં આવ્યો છે. તેણે પોતે જ આ બે સિરીઝમાંથી બ્રેક માગ્યો હતો. પૂજારાએ આફ્રિકાની પિચ પર 10 ટેસ્ટમાં 535 રન બનાવ્યા છે. જ્યારે અજિંક્ય રહાણેએ 6 ટેસ્ટ મેચમાં 402 રન બનાવ્યા છે.










**T20 ટીમઃ** સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, ઋતુરાજ ગાયકવાડ, તિલક વર્મા, રિંકુ સિંહ, શ્રેયસ અય્યર, ઈશાન કિશન (વિકેટકીપર), જીતેશ શર્મા, રવીન્દ્ર જાડેજા (વાઈસ કેપ્ટન), વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, કુલદીપ યાદવ, અર્શદીપ સિંહ, મોહમ્મદ સિરાજ, મુકેશ કુમાર અને દીપક ચાહર.
**ODI ટીમઃ** કેએલ રાહુલ, ઋતુરાજ ગાયકવાડ, સાંઈ સુદર્શન, તિલક વર્મા, રજત પાટીદાર, રિંકુ સિંહ, શ્રેયસ અય્યર, સંજુ સેમસન, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, મુકેશ કુમાર, આવેશ ખાન , અર્શદીપ સિંહ અને દીપક ચહર.
**ટેસ્ટ ટીમઃ** રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, ઋતુરાજ ગાયકવાડ, ઈશાન કિશન (વિકેટકીપર), કેએલ રાહુલ, રવિચંદ્રન અશ્વિન, રવીન્દ્ર જાડેજા, શાર્દૂલ ઠાકુર, મોહમ્મદ કુમાર સિરાજ, મુકેશ કુમાર, મોહમ્મદ શમી, જસપ્રીત બુમરાહ અને પ્રસિદ્ધ ક્રિષ્ના.

# રાહુલ દ્રવિડ જ રહેશે ભારતીય ટીમનો હેડ કોચ

## BCCIએ સપોર્ટ સ્ટાફની કોન્ટ્રાક્ટ એક્સ્ટેન્શનની કરી જાહેરાત



મુંબઈઃ ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI) દ્વારા રાહુલ દ્રવિડને ફરી એકવાર ભારતીય ટીમનો હેડ કોચ બનાવવામાં આવ્યો છે. ODI World Cup 2023ના સમાપન સાથે જ તેનું કાર્યકાળ પણ સમાપ્ત થઈ ગયું હતું. પરંતુ હવે BCCIએ રાહુલ દ્રવિડ એન્ડ કંપનીને રિટેન કરવાનો નિર્ણય કર્યો છે. સિનિયર મેન્સ ટીમના હેડ કોચ રાહુલ દ્રવિડ સાથે સપોર્ટ સ્ટાફના કોન્ટ્રાક્ટ પણ એક્સ્ટેન્ડ કર્યા છે. હેડ કોચ અને સપોર્ટ સ્ટાફનું કાર્યકાળ કેટલા દિવસ માટે આગળ વધારવામાં આવ્યો છે તેના વિશે BCCIએ કોઈ માહિતી આપી નથી. BCCIએ કહ્યું છે કે, ‘BCCIએ રાહુલ દ્રવિડ સાથે તાજેતરમાં સમાપ્ત થયેલા ODI World Cup 2023 પછી તેમનો કોન્ટ્રાક્ટ સમાપ્ત થયા પછી તેમની સાથે ચર્ચા કરી હતી અને દરેકની સંમતિથી કોન્ટ્રાક્ટને લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બોર્ડ ભારતીય ટીમને ઘડવામાં રાહુલ દ્રવિડની ભૂમિકાને ઓળખે છે અને તેમની અસાધારણ વ્યાવસાયિકતાની પ્રશંસા કરે છે. બોર્ડ NCAના હેડ કોચ અને ભારતીય ટીમના સ્ટેન્ડ-ઈન હેડ કોચ તરીકે વીવીએસ લક્ષ્મણની ભૂમિકાની પણ પ્રશંસા કરે છે. તેમની મહાન ઓનફિલ્ડ ભાગીદારીની જેમ જ રાહુલ દ્રવિડ અને વીવીએસ લક્ષ્મણે ભારતીય ક્રિકેટને આગળ વધાર્યું છે.’

**દ્રવિડની દૂરદ્રષ્ટિ,વ્યાવસાયિકતા અને દૃઢ પ્રયાસો ટીમની સફળતાના સ્તંભઃ** BCCI પ્રમુખ રોજર બિન્નીએ કહ્યું કે, ‘રાહુલ દ્રવિડની દૂરદ્રષ્ટિ, વ્યાવસાયિકતા અને દૃઢ પ્રયાસો ટીમ ઈન્ડિયાની સફળતામાં મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. સચિવ જય શાહે આ એક્સ્ટેન્શન પર કહ્યું કે, ‘મેં તેમની નિમણૂક સમયે ઉલ્લેખ કર્યો હતો કે હેડ કોચની ભૂમિકા સંભાળવા માટે રાહુલ દ્રવિડથી વધુ સારો કોઈ વ્યક્તિ નથી અને દ્રવિડે તે સાબિત કર્યું. ભારત હવે તમામ ફોર્મેટમાં એક મજબૂત ટીમ છીએ અને ત્રણેય ફોર્મેટમાં અમારું ટોચનું રેન્કિંગ આનું ઉદાહરણ છે.

# બેન સ્ટોક્સના ઘૂંટણની સર્જરી થઈ: પોતાનો ફોટો શેર કર્યો

## આઈપીએલની નવી સિરીઝમાં સ્ટોક્સ નહીં રમી શકે

■ લંડન

ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે ઘૂંટણની સર્જરી કરાવી છે. સ્ટોક્સે બુધવારે 29 નવેમ્બરે સોશિયલ મીડિયા પર પોતાનો એક ફોટો પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. પોસ્ટમાં તેણે જણાવ્યું છે કે તેની સર્જરી થઈ ગઈ છે અને હવે તેનું રિહેબ શરૂ થશે. ફોટામાં તે હોસ્પિટલની સામે ક્રેચની મદદથી ઉભો છે. સ્ટોક્સને લાંબા સમયથી ઘૂંટણની સમસ્યા હતી. આ કારણે તે IPL 2023ની ઘણી મેચ રમી શક્યો ન હતો. તે તેના ડાબા ઘૂંટણમાં ક્રોનિક ટેન્ડોનાઈટિસથી પીડાતો હતો. ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટનને સાજા થવામાં 6થી 7 અઠવાડિયાનો સમય લાગી શકે છે. માનવામાં આવે છે કે ભારત પ્રવાસ સુધીમાં તે ફિટ થઈ જશે. ઈંગ્લેન્ડનો ભારત પ્રવાસ 25 જાન્યુઆરી 2024થી શરૂ થશે. સ્ટોક્સ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2024માં નહીં રમે.



# ઈન્ડિયન રેસલિંગ એસોસિયેશનની ચૂંટણી પરનો પ્રતિબંધ હટાવ્યો

## સુપ્રીમ કોર્ટે પંજાબ હાઈકોર્ટના આદેશને પલટાવ્યો

■ નવી દિલ્હી

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ની ચૂંટણી માટે રસ્તો સાફ થઈ ગયો છે. મંગળવારે સુપ્રીમ કોર્ટે નેશનલ ફેડરેશનની ચૂંટણી પર હરિયાણા અને પંજાબ હાઈકોર્ટના સ્ટેના નિર્ણયને રદ કરી દીધો છે. 12 ઓગસ્ટે હાઈકોર્ટે હરિયાણા રેસલિંગ એસોસિયેશન (HWA)ની અરજી પર સ્ટે મૂકી દીધો હતો. તે પછી, ચૂંટણી સમયસર ન થવાને કારણે, યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ (UWW)એ WFIને સસ્પેન્ડ કરી દીધું. ત્યારબાદ ભારતીય કુસ્તી મહાસંઘે સસ્પેન્ડ કરી દીધું છે. રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ની ચૂંટણી ભારતીય ઓલિમ્પિક સમિતિની દેખરેખ હેઠળ 12 ઓગસ્ટે યોજાવાની હતી. ચૂંટણી પહેલા હરિયાણા રેસલિંગ એસોસિયેશન (HWA)ની અરજી પર હરિયાણા અને પંજાબ હાઈકોર્ટે ચૂંટણી પર રોક લગાવી દીધી હતી. HWAને બદલે અન્ય એસોસિયેશનને આ ચૂંટણીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી છે, તેમ છતાં તેઓ WFI અને હરિયાણા ઓલિમ્પિક એસોસિયેશન સાથે જોડાયેલા છે.

## સંજય અને શ્યોરાણ પ્રમુખ પદ માટે સ્પર્ધા કરે છે





સ્ટે પહેલાં, WFI ઉમેદવારોની અંતિમ યાદી બહાર પાડવામાં આવી હતી. 2010 કોમનવેલ્થ ગેમ્સ ચેમ્પિયન અનિતા શ્યોરણ અને સંજય સિંહ પ્રમુખ પદ માટે મેદાનમાં હતા. સંજય સિંહ બ્રિજભૂષણના નજીકના છે, જ્યારે અનિતા શ્યોરણ પણ મહિલા કુસ્તીબાજોના યૌન શોષણના કેસમાં બ્રિજ ભૂષણ વિરુદ્ધ સાક્ષી છે. 12 ઓગસ્ટે યોજાનારી ચૂંટણીમાં ભિવાની નિવાસી અનિતા શ્યોરણ એકમાત્ર મહિલા ઉમેદવાર હતી. એવું માનવામાં આવે છે કે તેને રમત મંત્રાલય અને બ્રિજભૂષણનો વિરોધ કરી રહેલા કુસ્તીબાજોનું સમર્થન હતું.જેમના પર પૂર્વ રાષ્ટ્રપતિ બ્રિજ ભૂષણ સામે વિરોધ કરવા માટે મહિલા રેસલર્સને ઉશ્કેરવાનો આરોપ લગાવી રહ્યા છે.

# PM મોદીએ કહ્યું- COP 33ની બેઠક ભારતમાં થવી જોઈએ








દુબઈઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ COP28 ક્લાઈમેટ સમિટમાં સમૃદ્ધ દેશો પર નિશાન સાધ્યું હતું. કોઈનું નામ લીધા વિના તેમણે કહ્યું કે સદીઓ પહેલાના કેટલાક દેશોના કાર્યોની કિંમત આખી દુનિયા ચૂકવી રહી છે. જે દેશો અતિશય કાર્બન ઉત્સર્જન માટે જવાબદાર છે તેમને ક્લાઈમેટ ચેન્જનો સામનો કરવા સમૃદ્ધ દેશોએ નિઃસ્વાર્થપણે વિકાસશીલ અને ગરીબ દેશોને ટેકનોલોજી ટ્રાન્સફર કરવી જોઈએ. તેમણે 2028ની ક્લાઈમેટ સમિટ એટલે કે COP33 ભારતમાં યોજવાની વાત કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે ભારતે ઈકોલોજી અને અર્થતંત્રને સંતુલિત કરવા માટે વિશ્વ સમક્ષ એક ઉદાહરણ રજૂ કર્યું છે. 17 ટકા વસ્તી હોવા છતાં, કાર્બન ઉત્સર્જનમાં અમારો હિસ્સો માત્ર 4 ટકા છે.

# 97 તેજસ વિમાનો, 156 પ્રચંડ લડાકુ હેલિકોપ્ટરની ખરીદી

## 2.23 લાખ કરોડની ફાળવણી કરવામાં આવી

■ નવી દિલ્હી

ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયની ડિફેન્સ એક્વિઝિશન કમિટીએ નવા લડાકુ વિમાનો અને કોમ્બેટ હેલિકોપ્ટર્સની ખરીદીને મંજૂરી આપી દીધી છે. ૨.૩૩ લાખ કરોડ રૂપિયાના ખર્ચે વિમાનો-હેલિકોપ્ટર્સ, મિસાઈલો વગેરે ખરીદવામાં આવશે. આ રકમમાંથી ૯૮ ટકાની ફાળવણી સ્વદેશી ડિફેન્સ પ્રોડક્ટ ખરીદવા પાછળ કરવામાં આવશે, તેના કારણે સ્વદેશી ડિફેન્સ ઈન્ડસ્ટ્રીને બૂસ્ટર મળશે અને નોકરીની નવી તકો સર્જાશે. સ્વદેશી નિર્માતાઓને અત્યાર સુધીમાં મળેલો આ સૌથી મોટો ઓર્ડર હોવાનું પણ અહેવાલોમાં કહેવાયું હતું. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના નેતૃત્વમાં કમિટીએ આ માતબર બજેટને મંજૂરી આપી હતી. આ વિમાનો, હેલિકોપ્ટર્સ અને મિસાઈલોના કારણે આર્મી વધુ મજબૂત બનશે.



## NEWS FILE

### MP, મહારાષ્ટ્ર, કર્ણાટકમાં વરસાદનું યલો એલર્ટ અપાયું



નવી દિલ્લીઃ ભારતીય હવામાન વિભાગ (IMD)એ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટકમાં વરસાદ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા ચક્રવાતને કારણે તામિલનાડુમાં પણ વરસાદનું એલર્ટ છે. અહીં ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટે કેરળમાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદની સાથે હિમવર્ષા થઈ શકે છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. હિમાચલના લાહૌલ સ્પિતિમાં હિમવર્ષા બાદ 35 રસ્તા અને 45 વીજળી ટ્રાન્સફોર્મર અટકી પડ્યા છે.

### 27 દેશની સરકારી ઓફિસોમાં ધાર્મિક પ્રતીક પર પ્રતિબંધ

લંડનઃ યુરોપીય સંઘની ટોચની અદાલતે આ નિર્ણય સંભળાવ્યો છે કે સમગ્ર યુરોપીય સંઘની સરકારી કચેરીમાં નિષ્પક્ષતાના હિતમાં કર્મચારીઓને ઈસ્લામી હેડસ્કાર્ફ જેવાં ધાર્મિક પ્રતીક પહેરવા પર પ્રતિબંધ મૂકી શકે છે. જોકે, કોર્ટે એ વાત પર ભાર મૂક્યો કે આવા પ્રતિબંધ તમામ કર્મચારીઓ પર સમાન રીતે લાગુ થવા જોઈએ અને દરેક કર્મચારી રાજ્યના કાયદાકીય સંદર્ભમાં ફિટ થવા જોઈએ. કોર્ટે આ નિર્ણય એક મુસ્લિમ કર્મચારી દ્વારા એમ કહ્યા પછી કર્યો કે તે કામ પર હેડસ્કાર્ફ પહેરી શકતી નથી. કર્મચારીએ પોતાની ફરિયાદમાં પ્રતિબંધને ભેદભાવપૂર્ણ ગણાવ્યો હતો.

### 5 રાજ્યોમાં મતદાન પૂર્ણ થતાં જ LPGની કિંમતમાં વધારો



નવી દિલ્લીઃ દેશના 5 રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થઈ અને હવે પરિણામની જ રાહ જોવાઈ રહી છે ત્યારે આજથી એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો થઈ ગયો છે. આ વધારો 19 કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડર પર થયો છે અને તેની કિંમતમાં 21 રૂપિયા પ્રતિ સિલિન્ડરનો વધારો કરવામાં આવ્યો છે. રાજધાની દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડર માટે 1796.50 રૂપિયા ચૂકવવા પડશે, જ્યારે ગયા મહિને એલપીજી ગેસની કિંમત પ્રતિ સિલિન્ડર 1775.50 રૂપિયા હતી. જ્યારે બીજી બાજુ રાહતના સમાચાર એ છે કે સબસિડીવાળા 14.2 કિગ્રા ઘરેલું એલપીજીના ભાવમાં કોઈ વધારો કરાયો નથી.

# પ્રદૂષણથી થતાં મોતમાં ચીન પછી ભારત બીજા ક્રમે

## ભારતમાં દર વર્ષે 20 લાખથી વધુનાં મોત થાય છે

■ નવી દિલ્હી

ભારતમાં દર વર્ષે 20 લાખ લોકોના મોતનું કારણ વિવિધ સ્ત્રોતને કારણે ફેલાતું વાયુ પ્રદૂષણ છે. આ મામલે ચીન પછી ભારત બીજા ક્રમે છે. ધ બીએમજેમાં પ્રકાશિત રિસર્ચ આધારિત રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે ઉદ્યોગ, વીજ ઉત્પાદન અને પરિવહનમાં અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ કરવાથી વાયુ પ્રદૂષણ વિશ્વભરમાં દર વર્ષે 50 લાખથી વધુ લોકોના મોત નિપજે છે. આ 2019 માં તમામ સ્રોતોમાંથી વાયુ પ્રદૂષણને કારણે વિશ્વભરમાં કુલ અંદાજિત 80 લાખ લોકોના મોત થયા હતા. મેક્સ પ્લાન્ક ઈન્સ્ટિટ્યૂટ ફોર કેમિસ્ટ્રી જર્મનીના સંશોધકો સહિતની ટીમ આ રિસર્ચમાં સામેલ હતી. તેમણે ગ્લોબલ બર્ડન ઑફ ડિસીઝ 2019 અભ્યાસ, નાસા સેટેલાઈટ-આધારિત ફાઈન પાર્ટિક્યુલેટ મેટર અને વસ્તી ડેટા, અને વાતાવરણીય રસાયણશાસ્ત્ર, એરોસોલ અને સંબંધિત ડેટાનો ઉપયોગ કરીને આ રિપોર્ટ રજૂ કર્યો હતો.

## WMOએ મોટી ચેતવણી જાહેર કરી

### 2023 અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષઃ યુએન



યુએન વેધર એજન્સીએ ગુરુવારે જણાવ્યું હતું કે 2023નું વર્ષ પૃથ્વી પરનું અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ રહ્યું છે. એજન્સીએ આ સાથે પૂર, જંગલોમાં આગ, હિમશિખરો પીગળવી તથા હીટ વેવ જેવા સંકટો માટે તૈયાર રહેવા લોકોને અપીલ કરી હતી. વર્લ્ડ મીટીરીયોલોજીકલ ઓર્ગેનાઈઝેશને એવી પણ ચેતવણી આપી છે કે પૃથ્વીના સરેરાશ તાપમાનમાં 1.4 ડિગ્રીનો વધારો ભારે તારાજી સર્જી શકે છે.